# અધ્યાત્મ

વર્ષ ૧૦ સપ્ટેમ્બર ૧૯૮૯ અંક ૧૨

## * સદ્ભાવભરી ભેટ *

અધ્યાત્મ માસિકના ભારતના તેમજ વિદેશોમાં વસતા વાંચક ભાઇ બહેનો તરફથી એને સદ્ભાવભરી ભેટ મળતીજ રહે છે. એને લીધેજ એ આર્થિક રીતે ટકી શક્યું છે. જે રીતે આ ભેટનો પ્રવાહ ચાલી રહ્યો છે, એમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પ પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાજ કારણભુત છે. છેલ્લે મળેલી આવી ભેટોની વિગત નીચે મુજબ છે:-

રૂા.
૨૫ શ્રી મગનલાલ ઓધવજી તન્ના, વડોદરા.
૨૧ શ્રીમતી કાન્તાબેન ભોજાણી, મોરબી પુત્ર વધૂની બદલી ધારણા પ્રમાણે ગાંધીનગર થતાં.
૧૦૧ શ્રી અમૃતલાલ ચુનીલાલ પરમાર, મોરબી.
૧૦૧ શ્રીમતી સુવર્ણાબેન બિન્દુકાન્ત ઝાલા, મોરબી વય-મર્યાદાને લીધે નિવૃત્ત થતાં.
૧૦૬ શ્રી લલ્લુભાઇ દયારામભાઈ ભક્ત, પથરાડિયા તરફથી માતુશ્રીના સ્મરણાર્થે.
૧૦૫ શ્રીમતી લક્ષ્મીબેન બી. ભક્ત, અમેરિકા તરફથી કુંજન સતીશભાઈ ભક્ત ધોરણ ૬ માં પાસ થવાથી.
૧૦૧ શ્રીમતી શારદાબેન રતિલાલ શાહ, અમેરિકા.
૫૧ શ્રી ઠાકોરભાઇ વાલજીભાઈ ઠક્કર, વડોદરા.
૨૧ શ્રી નીશાબેન એ. ઉપાધ્યાય ધોરણ બારમામાં પાસ થતાં.
૨૧ શ્રી રાજેન અમૃતલાલ ઉપાધ્યાય, Ty B. Sc. માં પાસ થતાં.
૨૧ શ્રી સુરેખા ભાવસાર સુરત પિતાજીની પુણ્ય સ્મૃતિમા.
૧૧ શ્રી શાન્તાબેન કીકાભાઇ ભાવસાર સુરત.
૧૦ શ્રી ધીરજલાલ શાહ, મુંબઈ.

( વધુ અંદરના-પાના ઉપર ૬૦ )

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રીનાનુરામદુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન**
- 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર- ૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દશમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| દશાબ્દી પ્રસંગે | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| પૂ.માની અહેતુકી કૃપા | નારાયણ હ. જાની | ૧૭ |
| પહેલીવાર | પરમાર્થી | ૧૯ |
| ગીતાધર્મ | શ્રી લાભુભાઇ દવે | ૨૦ |
| પરમ સમીપે (૩) | કલ્યાણ | ૨૬ |
| આધ્યાંત્મિક અનુભવ અને તેનો ઉપયોગ | રતિલાલ ભાવસાર | ૩૮ |
| પ્રાગટ્યદિનની ઉજવણી | શિબિરાર્થી | ૪૫ |
| સેવામૂર્તિનું સન્માન | નારાયણ હ. જાની | ૪૮ |
| કેવી સાદગી ! | કમલ સુથાર | ૫૧ |
| નવરાત્રિમાં અંબાજીમાં મંત્રજપનું અનુષ્ઠાન | – | ૫૩ |
| ભરબજારે અંતરના એકાંતમાં | વિજય પુરોહિત | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |


# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી


વર્ષ : ૧૦ સપ્ટેમ્બર–૧૯૮૯ અંક : ૧૨


## દશાબ્દી પ્રસંગે

તંત્રી

અમને જણાવતાં હર્ષ થાય છે કે અધ્યાત્મ માસિક સપ્ટેમ્બર, ૧૯૮૯ માં તેના પ્રકાશનનાં દસ વર્ષ પૂરાં કરે છે. મનુષ્યજીવનની જેમ એક માસિકના પ્રકાશનમાં દસ વર્ષનો ગાળો બહુ મોટો ન ગણાય. આમ છતાં આજના અતિ ઝડપી યુગમાં તેમજ દેશ અને દુનિયામાં જે પરિસ્થિતિ પ્રવર્તે છે તેમાં આધ્યાત્મિક ક્ષેત્રે સાચી ધાર્મિક સમજ ફેલાવવામાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પોતાનું જે આગવું પ્રદાન કરેલ છે, તેને સામાન્ય જનસમાજ સુધી પહોંચાડવાનું કાર્ય કરવાનો નમ્ર પ્રયાસ આ માસિકે કર્યો છે, એમ કહીએ તો તે અતિશયોક્તિ નહિ લેખાય.

હિંદુ ધર્મની એ વિશેષતા રહી છે કે તેણે માણસની વ્યક્તિગત સાધનાનો પથ કંડારી આત્મિક માર્ગે આગળ વધી

અનુભૂતિના—દેહાતીત અવસ્થાની—અનુભૂતિઓનો અદ્દભુત ખજાનો વિશ્વના માનવોને આપ્યો છે. એમાં અમારા પ. પૂ. ગુરુદેવ મહાત્મા શ્રી યોગેશ્વરજીનું તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું પ્રદાન પણ છે. વળી તેઓની અનુભૂતિઓનું મહત્ત્વ આપણે મન સવિશેષ એટલા માટે છે કે પૂ. ગુરુદેવ શ્રી આપણી વચ્ચે રહી તપ્યા, આત્મિક અનુભૂતિઓ પામ્યા ને આપણ સહુને પથપ્રદર્શન કરતા ગયા. પ. પૂ. મા પણ એજ રીતે આપણા સહુની વચ્ચે રહી તપે છે ને જે અલૌકિક અનુભૂતિઓ પામે છે, તે સહજભાવે આપના સુધી અધ્યાત્મ દ્વારા પહોંચાડવાનો અમારો નમ્ર પ્રયાસ છે. ઇતિહાસરૂપ બનેલી ભૂતકાલીન વાતો કરતાં જે આધ્યાત્મિક વર્તમાન આપણી સામે છે તેનું મહત્ત્વ સવિશેષ છે. વળી પૂર્ણતાએ પહોંચેલ એક સંત મહાપુરુષનું દૈનિક જીવન તેમજ વ્યવહાર કેવાં હોય, તેનું દર્શન પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જીવન વ્યવહારમાં થતું હોવાથી, અમે શ્રી યોગેશ્વર કથામૃત તેમજ પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાધનાત્મક જીવનની તથા અનુભૂતિઓની વાતો અધ્યાત્મનાં પાનાંઓ ઉપર રજૂ કરીએ છીએ. સંભવ છે કે રૂચિભેદ પ્રમાણે કેટલાંકને તે ગમે, કેટલાંકને ન પણ ગમે. આમ છતાં અમે અમારા વિશાળ વાંચક સમુદાય પાસેથી આ વાતો અંગે પોતાનો પ્રામાણિક અભિપ્રાય જાણવાની જીજ્ઞાસા રાખીએ છીએ. લખી મોકલશો તો અમને ગમશે.

તે ઉપરાંત 'અધ્યાત્મ'ને ધર્મ, જાતિ કે સંપ્રદાયોના વાડાઓથી પર, તેમજ ભૌગોલિક સીમાઓથી પણ રહિત કેવળ માનવના આત્મિક ઉત્થાનની સાધનામાં સહાયભૂત



થનારું માસિક બનાવવા અંગેનાં રચનાત્મક સૂચનો અમે સહર્ષ આવકારીશું.

આજનો યુગ મોંઘવારીનો યુગ છે એમ કહીએ તો ખોટું નથી. એમાં એક માસિક માત્ર વાર્ષિક રૂપિયા ૧૫ (ભારતમાં) આપવું અશક્ય નહિ, તો અઘરું તો જરૂર છે. વળી અધ્યાત્મ સારા કાગળો ઉપર છપાય છે ને હવે તેનું છાપકામ કોમ્પ્યુટર મશીનદ્વારા થાય છે, એથી તો તે વધુ મોંઘુ બનતું જાય છે. આમ છતાં માસિકના સંસ્થાપક મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની એ ભાવના રહી છે કે સર્વ સામાન્ય જનના ગજવાને પોસાય એટલુંજ લવાજમ રાખવું. આમ કરવામાં ઘણી ભારે આર્થિક ખોટ આવે છે. પરંતુ ભારતના તેમજ વિદેશોમાં વસતાં વાંચક ભાઇબહેનો એના પ્રતિ જે સતત સદ્દભાવભરી ભેટો મોકલતા રહે છે, તેને લીધે તે ટકી શકે છે ને ભવિષ્યમાં પણ ટકશે, એવો વિશ્વાસ છે. આ સહુ ભાઇબહેનોના અમે ખરે જ ઋણી છીએ. તેઓ સહુ અભિનંદનના અધિકારી છે.

અમારા નિવૃત્ત જીવનનો દસ વર્ષ જેટલો ગાળો અધ્યાત્મ માસિક જેવા સારા કાર્યમાં ગયો એનો અમને આનંદ છે. એનો બધો યશ અમારા પૂ. ગુરુદેવ ને પૂ. માને ફાળે જાય છે. 'અધ્યાત્મ'ના પ્રકાશનમાં શ્રી રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસે છેલ્લાં નવ વર્ષથી જે સહાય કરી છે, તે બદલ અમે એમના પણ ઋણી છીએ.

**અધ્યાત્મનો કોઈપણ વાંચક
આટલું તો જરૂરથી લખી જણાવે.**

૧. તમે અધ્યાત્મ નિયમિત વાંચો છો?

૨. તમને તે ગમે છે? તમે તેની ઈંતેજારી ભરી રાહ જુઓ છો?

૩. તમને અધ્યાત્મમાં ક્યા અને કોના લેખો વાંચવા વધુ ગમે છે? શા માટે?

૪. તમારી આધ્યાત્મિક સમજ સુધારવામાં કે સાધના માટેની મથામણમાં તમને અધ્યાત્મ ઉપયોગી બન્યું છે? કેવી રીતે?

૫. અધ્યાત્મને વધુ સારું બનાવવા અંગેનાં તમારાં કોઈ સૂચનો હોય તો ટૂંકમાં જણાવો.

૬. વિદેશમાં વસતાં ભાઈબહેનો પણ પોતાના અભિપ્રાયો જરૂરથી મોકલાવે. એથી અમને આનંદ થશે.

તંત્રી



# શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

**ભાદરવા વદ પડવો ૨૦૩૬, ગુરુવાર, તા. ૨૫–૯–૮૦**

સ્થળ : ખોજા સ્પેશિયલ વોર્ડ, સિવિલ હોસ્પીટલ, ભાવનગર. સમય : બપોરે ૧–૪૫.

આજે ગુરુવાર પૂ. શ્રીએ સવારથી જ સૂચના આપી કે તમે સ્નાન કરીને આવી જાઓ પછી સાઈબાબાની સ્તુતિ બોલીશું. આજની આખી રાત માતાજીએ ત્રણ ચાર વાર ઉઠીને કંઈક શાંતિથી પસાર કરી હતી. પૂ. શ્રી પોતાના નિયમ પ્રમાણે વ્યાયામ કરી લે છે. તે દરમ્યાન મારે પણ વ્યાયામ કરવાનો હોય છે, પણ તે દરમ્યાન માતાજી માટે દૂધ ને દવા તૈયાર કરાવી પાવાનું, ને પૂ. શ્રીને માટે સ્નાન કરવાનું તાજુ પાણી ભરાવવાનું બને છે.

સિવિલ હોસ્પીટલમાં જે પીવાનું પાણી મળે છે તે કદાચ પચવામાં ભારે હોય એવું પૂ. શ્રી અનુભવી રહ્યા છે, જેથી આખાયે ભાવનગરમાં જે બોરતળાવનું પાણી અપાય છે તેને જ પીવા માટે વપરાશમાં લેવાનું નક્કી કર્યું છે. તેથી મારે વ્યાયામનો ક્રમ જતો કરવો પડે છે. વહેલા ઉઠીને વ્યાયામ કરી શકાય, પણ ઘણી રાતો ને ઘણા દિવસો સતત ઉજાગરામાં વીતે છે. તેથી શરીર થાક અનુભવે છે.

પૂ. શ્રીના વ્યાયામ દરમ્યાન જ માતાજીને નળી વાટે જે પ્રવાહી ખોરાક આપવાનો હોય છે તે સવારે સાત વાગ્યે

અપાયો. ત્યારબાદ પૂ. શ્રી સ્નાન કરીને પ્રાતઃકર્મથી મુક્ત થયા. જેથી હું લગભગ પોણા આઠે સ્નાન માટે સામેના ક્વાટર્સમાં જવા તૈયાર થઇ ત્યાં જ માતાજીએ સંડાસ જવાની ઈચ્છા વ્યક્ત કરતાં તે કામ જલ્દીથી પતાવ્યું. હું સ્નાન કરીને ફરી જલ્દી પાછી આવી ગઇ.

આજે દરરોજની જેમ હું પૂ. શ્રીને કહીને ગઇ કે માતાજી પથારી બગાડે તો હું આવીને સાફ કરીશ. તમે ના કરશો. હોસ્પીટલમાં આવ્યા બાદ આજે જ હું સ્નાન કરવા ગઇ ત્યાં જ માતાજીએ સંડાસ જવું છે એમ જણાવ્યું.

હવે પૂ. શ્રી એકલા જ હતા. છતાં ટબ આપ્યું ને રૂ થી સાફ કર્યું. ટબ પણ સાફ કર્યું. ત્યારબાદ બીજું કામ કર્યું. ત્યાર પછી હું તો આવી પહોંચી.

મહાપુરુષનું આદર્શ માનવ તરીકે દર્શન થયું. ઘણીવાર નર્સ સૂચના આપે કે મહાત્માજીને કહો કે બહાર જાય. મારે કહેવું પડે કે મહાત્માજી બહાર નહિ જાય. અમે બન્ને મળીને જ આ બધી જ સેવા કરીએ છીએ. મહાત્માજી કહે છે કે એ તો માતાનું જગદંબા સ્વરૂપ છે. માતાજીને લકવાનો હુમલો થયો ત્યારે હું મસૂરીમાં એકલો જ હતો. ત્યારે માતાજીને સ્નાન કરાવતો, કપડાં પહેરાવતો, રસોઇ બનાવી આપતો, જમાડતો વિગેરે હું જ કરતો.

આજે સ્નાન બાદ સાઇબાબાની સ્તુતિ કરી બારણું ખોલવામાં આવ્યું કારણ નવ વાગ્યા હતા. ધોવાનાં કપડાં શ્રી નલિનીબેનને આપી દીધાં. ત્યાં જ વડોદરાથી ગૌરીશંકરભાઇ અને ઈશ્વરભાઇ આવી પહોંચ્યા. તેમની સાથે વાતો કરતી હતી ત્યાં જ નારાયણભાઇ તે પછી રંજનબેન અને એમના



પતિ આવી પહોંચ્યા. જેથી ઠીક ઠીક સમય સુધી આજે બહાર ઊભા રહી વાતો થઇ શકી. કારણ એ હતું કે માતાજી ઉંઘમાં હતા.

પૂ. શ્રી પણ છેલ્લે બહાર આવ્યા. આજે ડોક્ટરે સૂચના આપી કે મોસંબીનો રસ સુગરવાળો હોવાથી માતાજીને ના આપશો. એ વાત અમને ફરીથી પૂ. શ્રીએ કરી જેથી મેં કહ્યું: "તો હવે અમે વિચારીએ છીએ કે આજથી મોસંબીનો રસ મહાત્માજીને આપીએ. અગિયાર વાગ્યે આપીએ."

પૂ. શ્રી : હા, આપો. મોસંબીનો રસ પીને આંખમાં, વાણીમાં મધુરતા આવે ને! સુગરની જરૂર મારે તો છે. પ્રવચનો સારાં થઇ શકે ને!

"પણ મારે હમણાં અગિયાર વાગ્યે નથી લેવો. ચારેક વાગ્યે લેવો હશે તો લઇશ."

"આ મહાત્માનું પેટ કલિયુગના મહાત્માનું નથી. કલિયુગના મહાત્માને તો જ્યારે આપો ત્યારે તે લે. આ તો સતયુગના મહાત્માનું પેટ છે એટલે બહુ ઓછું જોઇએ."

મેં કહ્યું : તો પછી તમે તમારા બધા ભક્તો છે તેને પણ સતયુગના ભક્તો કરી દો ને!

પૂ. શ્રી : જુઓ, જે જીવમાં સતયુગ છે ને તે જ આ મહાત્માને માને છે અને વળી જે જીવમાં વધારે સતયુગ હોય તે મને ને તમને બન્નેને માને છે.

કલિયુગ જેનામાં છે તે કોઇને જ ન માને. આ તો જગદંબા છે. (ગૌરીશંકરભાઇ તરફ દૃષ્ટિપાત કરીને) મારી વરસોની પ્રાર્થના હતી કે મા તમે દર્શન તો આપો જ, પણ

મારી સાથે ને પાસે સતત રહેવા આવો. તો આ મારી પ્રાર્થનાનો જવાબ છે. જે ઓળખશે તે તરી જશે. હું તો દરરોજ પાંચ શ્લોકની સ્તુતિ બોલું છું.

યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેથી સંસ્થિતા,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ।
યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેથી સંસ્થિતા,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ।
યા દેવી સર્વભૂતેષુ સર્વરૂપેથી સંસ્થિતા,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ।
સર્વેશ્વરી મહાદેવી, સર્વભૂત મહેશ્વરી,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ।
દક્ષિણેશ્વર વાસિર્નીદેવી, સર્વલોક નિવાસિની,
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ।

આટલું કહી પૂ. શ્રી અંદર આવી ગયા.

ત્યારબાદ ડ્રેસીંગ થઇ ગયું. પથારી સાફ થઇ ગઇ. નળી દ્વારા દૂધ, નાળિયેરનું પાણી માતાજીને અપાઇ ગયું. ફરી માતાજી ઉંઘી ગયાં. આજે માતાજીનો એક ફોટો લેવાયો. ભોજનનો સમય થયો. ભોજન માટે બેઠાં ત્યાં જ માતાજીની બૂમ સાંભળતાં અમે બન્ને ઊભાં થઇને સેવા કરી. ભોજનબાદ પૂ. શ્રી વડોદરાના બંને ભાઇઓ સાથે વાતો કરવા ઊભા રહ્યા.

માતાજીના મનને શાંતિ કરવા પૂ. શ્રીએ નડિયાદમાં બાર દિવસ, સૂરતમાં ત્રણ દિવસ ઉપવાસ કરેલા અને માતાજીના મનનો ઉદ્વેગ અહીં આવ્યાં ત્યારે પણ કેવો ભારે હતો તેની વિસ્તારથી વાતો કરી.

પૂ. શ્રી અંદર આવ્યા ત્યાં સુધીમાં મેં મારી થોડી નોંધ



લખી. ત્યાં જ માતાજીને ત્રણ વાર પિશાબની તકલીફ થઇ. પથારી બગડી. સાફ કરી. એમાં જ અઢી વાગી ગયા. ત્યારબાદ પૂ. શ્રી પલંગ ઉપર સૂતા સૂતા પેપર વાંચે છે. મેં મારી નોંધ લખવા માંડી અને આ નોંધ લખી શકાય છે. કારણ મુખ્ય વાત માતાજી ઊંઘી ગયાં છે.

સાંજે પાંચ સુધીમાં તો ફરીથી માતાજી ત્રણેકવાર પથારી બગાડે છે, સાફ થાય છે. પાવડર, ડેટોલ, ફીનાઇલ વગેરેથી સફાઇ થાય છે.

ગઇકાલે રાત્રે ડો. પોપટ જે અહીંની સિવિલ હોસ્પીટલના રેસીડન્ટ મેડીકલ ઓફિસર (R.M.O.) છે, તેઓ દરરોજ પૂ. શ્રી પાસે આવે છે. તેમની સાથે વાતો કરતાં પૂ. શ્રી કહે છે:–

સાધુપુરુષનો સાચો અર્થ તો એ છે કે સારો અથવા આદર્શ માનવ. સાધુપુરુષ એટલે સજ્જન અર્થ થાય છે. પરંતુ તે અર્થ પૂર્ણ લાગતો નથી. ઘણા સજ્જન પુરુષો આદર્શ માનવ નથી પણ હોતા.

એવા સજ્જન પુરુષ વિષે વાતો કરતાં ડો પોપટ કહે છે:–

તલાલા નામનું સ્થાન જે ગીરમાં આવેલું છે. ત્યાંના એક મીશનરી ડોક્ટર માર્ટીનની વાત કરું કે તેઓ પોતાની બેનના જન્મદિન નિમિત્તે વીંટીની ભેટ બેનને મોકલાવે છે, કારણ કે બેને પોતાના જન્મદિન નિમિત્તે ભાઇ પાસે વીંટીની ભેટ માંગી છે. આ ડોક્ટરભાઇ વીંટી મોકલાવે તો છે જ, પણ સાથે સાથે બેનને લખી દે છે કે હવે પછી મારી પાસે કોઇ દિવસ વીંટી જેવી કિંમતી ભેટ માગીશ નહિ. એ વીંટી જે

તને આપી છે તેમાં કેટલાય ગરીબોને બાજરો, વસ્ત્ર, છાશ જે અપાય છે તેના ભોગે તે ભેટ મોકલી શક્યો છું. મને એ ગમતું નથી. ભવિષ્યમાં એવી કિંમતી ભેટ મંગાવીશ નહિ.....વિ.

આવી આવી જ્ઞાનચર્ચાઓ લગભગ દરરોજ ચાલ્યાં કરે છે. મુખ્ય વાત ત્યારે માતાજી તંદ્રા કે નિદ્રામાં જ હોય છે.

આજે સાંજે માતાજીની તબિયત જોવા અમદાવાદથી અમારા સેવામૂર્તિ પ્રેમાળ બાબુભાઈ સાડાચારે મળવા આવી પહોંચે છે. વળી માતાજીના દોહિત્ર શ્રી રમેશભાઈ વડોદરાથી પણ આવી પહોંચે છે. પરંતુ માતાજી અને પૂ. શ્રી યોગેશ્વરજી આરામ કરે છે જેથી દરરોજના મુલાકાતના સમયે જ સાંજે ૬ વાગ્યે અંદર આવી શક્યા છે.

પૂ. શ્રીએ બાબુભાઈ તથા રમેશભાઈ આવ્યા છે એવી જાણ માતાજીને કરી જેથી માતાજી લાગણીવશ થઈ કહેવા લાગે છે.

માતાજી : બાબુભાઈ, કંટાળી છું. સંસારમાં કોઈનું કોઈ જ નથી; ભગવાન સિવાય. બહુ સહન કરું છું.

બાબુભાઈ : સારૂં થઈ જશે. સારવાર તો સારી ચાલે છે ને! મહાત્માજી રાતદિવસ ઉજાગરા પણ કરે છે ને!

માતાજી : એ, ને સરોજ સેવા કરે છે, કોણ કરે? આખો મહિનો ઉભા ને ઉભા સેવા કરે છે પણ ભાઈ આ.... પીડા કોણ લે? વિગેરે.

પૂ. શ્રી કોઈપણ અંગત સ્વજન કે નિકટના મુલાકાતીઓને પણ માતાજી પાસે પાંચ કે દસ મિનિટથી વધારે ઊભા રહેવા દેતા નથી, કારણ માતાજી પોતાના શારીરિક દુઃખની



વાતો કરતાં રડે ને લાગણીશીલ બને તો બ્લડપ્રેશર વધે. જેથી સંપૂર્ણ કાળજી રાખવા તેઓશ્રી આ નિયમ રાખે છે. એટલે નિયમપ્રમાણે બાબુભાઈ ને રમેશભાઈ બહાર આવી બેઠા છે.

થોડીજ વારમાં ડોક્ટર ગઢવી પોતાના સ્ટાફ સાથે રાઉન્ડ ઉપર આવે છે જ્યારે ડો. પોપટ પણ બેઠા હોય છે.

ડો. પોપટ સાથે માતાજીની સારવારની વાતો થયા બાદ રોજની જેમ સત્સંગ શરૂ થયો છે, ત્યારે શ્રી બાબુભાઈ ફરી રૂમમાં આવી ઉભા છે જેથી પૂ. શ્રી બાબુભાઈનો પરિચય ડો. પોપટને આપે છે.

ડો. પોપટ : "મને આનંદ થાય છે કે સરકારી અમલદારો આ ક્ષેત્રમાં રસ લે છે."

પૂ. શ્રી : અમારે તો એવા જ શિક્ષિત સેવા કાર્યો કરે છે. હું કહું છું કે નાના યુવાનો જો લાયક ને સંસ્કારવાળા થઈ જાય તો કામ થઈ જાય. મને યુવાનો પાસે લઈ જાઓ.

મારાં ધાર્મિક પ્રવચનોમાં હું આધુનિકતા લાવું છું. હું ચારિત્ર્ય–નિર્માણ, સદ્‌વિચાર, સદ્‌ભાવ ને સેવાઓ ઉપર ભાર મૂકું છું. સેવા ઘરની કરો, કુટુંબની કરો, ગામની, દેશની, વિશ્વની કરો, વળી ચારિત્ર્ય માટે થોડું ધ્યાન, થોડું અધ્યયન જરૂરી છે એવી વાતો કર્યા કરું છું. વિગેરે.

આવી વાતો કરી પોતાનાં રાજપીપળાનાં પ્રવચનો દરમ્યાન ટ્રેઈનિંગ કોલેજમાં આપેલા પ્રવચનની વાતો કરી. તેમાં કાગડા ને કૂતરાની ટેવો વિષે વાતો કરી.

તમે કૂતરાને જુઓ ને રોટલો નાંખો તો તે તરત જ રોટલો એક પગે દબાવી દેશે, આજુબાજુ જોશે, કોઈ બીજો કૂતરો

ભાગ તો નથી પડાવતો ને? અને ધારો કે કોઇ કૂતરો આવે તો આ કૂતરો પોતાનો રોટલો તો પગ નીચે દબાવી જ દે પણ સાથે ઘુરકવા માંડે. એથી ઉલટુ તમે કાગડાને જુઓ. અમે તો મસૂરીમાં થોડું ખાવાનું ગાયને અને ગાય ન મળે તો કાગડાને નાંખીએ, તો એ કાગડો તે આવીને જુએ. ખાવા જેવું છે કે કેમ? અને ખાવા જેવું હોય તો કાક...કાક...કાક કરીને બધાંને આમંત્રણ પત્રિકા મોકલે, ને કાગડાઓ થોડી જ વારમાં ભેગા થઇ સાથે મળીને ઉજાણી કરે.

મેં તાલિમાર્થી શિક્ષકોને પૂછ્યું કે તમારે કાગડા જેવા થવું છે કે કૂતરા જેવા, તે નક્કી કરી લેવાનું છે.

મને વર્ડ્ઝવર્થની બે લીટીઓ યાદ આવે છે.

Forty feeding like one–ચાલીસ ગાય ચરે છે તે જાણે એક જ ચરતી હોય એ રીતે, એવું જ લાગે.

આપણને મળેલી વિદ્યા, મળેલું ઘર, તપ વહેંચીને ખાઇ શકાય, ને કૂતરાની જેમ પણ ખાઇ શકાય. કાગડા જેવી વૃત્તિ રાખી પોતાનું સમાજને આપે–સમર્પવાની વાત જરૂરી છે.

આ તો આખા રાષ્ટ્રમાં હું, મારું, મારા પછી મારા છોકરાના વંશવૃત્તિવાળા નેતાઓ જ દેખાય છે. આપણે તો શ્રેષ્ઠ વેપારી, મજૂરો, અધ્યાપકો, વકીલો, દાક્તરો જોઇએ છે.

આજે તો દેશમાં ધૂળધાણી ને ધક્કા–પાણી જેવું છે. રાજેન્દ્રબાબુ (રાષ્ટ્રપતિ) ગયા પછી જે કચરા પટ્ટી નીકળી છે તેમાં વાતો મોટી ને વર્તનમાં કશું નહીં. આપણે તો સારા માણસ થવું. સાચી માણસાઈવાળો માણસ બનવાનું છે. વિગેરે.

ડોક્ટર વિદાય લે છે. અમે ગુરુવારનો સૂક્ષ્મ નાસ્તો તલસાંકળી ને કેળાં ને બટાકાની વેફર, દૂધ લઇએ છીએ.



ત્યાં જ ડો. કોઠારી આવે છે. તેમની સાથે આજે સત્સંગની વાતો ખાસ થતી નથી. માતાજીની સારવારની જ વાતો થાય છે. તેઓ વિદાય થાય છે.

વડોદરાવાળા ભાઇઓ શ્રી ઈશ્વરભાઇ તથા શ્રી ગૌરીશંકરભાઇ વિદાય લે છે વળી છેલ્લે રમેશભાઇ ને હરિશભાઇ કોન્ટ્રાક્ટર ને તેમનાં ધર્મપત્ની પણ વિદાય લે છે. સૌ જાય છે.

બહાર રાત્રે જરૂર પડે તો સૂવા માટે બે ભાઇઓ આવી જાય છે. અમારા રૂમમાં માતાજીના પલંગ પાસે પૂ. શ્રીનો પલંગ ને તેની પાસે મારો પલંગ તૈયાર થઇ જાય છે. પૂ. શ્રી દ્વાર બંધ કરે છે.

થોડીવાર માતાજીના શરીરે પ્રેમથી હાથ ફેરવે છે, પછી માતાજી સૂઇ જતાં, પોતે પણ આરામ કરે છે અને સર્વેશ્વરી આ નોંધ લખવા બેસે છે. નોંધ રાત્રે ૧૧ કલાકે પૂરી થાય છે.

**ભાદરવા વદ બીજ ૨૦૩૬, તા. ૨૬–૯–૮૦, શુક્રવાર.**

ગુરુવારની રાત માતાજીએ સતત સેવા લઇને વીતાવી. શુક્રવાર આખોયે સેવામાં પૂર્ણ થયો.

આજ કાલ માતાજીને દસ–દસ મિનિટે લઘુશંકા થયાં કરે છે. પથારી બગાડ્યાં કરે છે. આ એમનો ક્રમ ગઇરાતથી જ શરૂ થયેલો તેની સાથે મળત્યાગ પણ શરૂ થયા. જેથી આખોયે દિવસ અવિરતપણે સેવા હમારી ચાલુ જ રહી. નોંધનો પણ સમય ન રહ્યો.

દરરોજની જેમ માતાજીને કશું જોઇએ છે કે કેમ તે પૂછીને ભોજન માટે બેઠાં. તો થોડું શરૂ કર્યું ત્યાં જ માતાજીએ

લઘુશંકા માટે બૂમ પાડી. જેથી અમે બંને ચાલુ ભોજન છોડીને ઉઠી ગયાં. કારણ લઘુશંકાની સાથે મલત્યાગ પણ થયો હતો.

પાતળા મળ આજે માતાજીને વારંવાર થયા, જેથી બપોરે પણ સમય ન મળ્યો.

ડોક્ટરોની વિઝિટ શરૂ થઇ. કુદરતી હાજતના વધુ પડતા વેગને રોકવા ડોક્ટરો નીચેના ભાગમાં નળી મુકવાની વાત લાવ્યા. પૂ. શ્રીએ તે ઇચ્છા ધીમેથી નકારી. કારણ એમાં હેરાનગતિ વધતી હતી.

સાંજે ડો. પોપટ અને ડો. કોઠારીની વિઝિટ થઇ. થોડો સત્સંગ થયો. અગત્યનો ન હોવાથી નોંધ ન કરી.

માતાજીની સારવારમાં પૂ. શ્રી ઉતારા ઉપર તો ઘણીવાર ચાલુ ભોજને ઉઠીને માતાજીની બૂમ સાંભળતાં ઉઠી જતા, પણ અહિં આ બીજીવાર માતાજી માટે ભોજન ત્યાગ થયો. સર્વશ્રોષ્ઠ આદર્શ પુત્રરત્નનું આદર્શ વર્તન એવું જ હોય ને! હરિ ૐ.

(ક્રમશઃ)

**અંબાજીમાં ક્યાં ઉતરશો ?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# પૂ. માની અહેતુકી કૃપા

નારાયણ હ. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તા. ૧૮–૮–૮૯ ના રોજ પાંચ દિવસ માટે અચાનક ભાવનગર પધાર્યા. પૂ. મા આમ કોઈપણ પ્રકારની પૂર્વ જાણ વગર પધાર્યા તો કહે, "છોકરાઓને ત્યાં શું મા ખબર આપીને જ આવી શકે ?" પૂ. માના આ નાના સરખા વાક્યમાં જે આત્મીય અને વાત્સલ્યભાવ છતો થયો, એણે અમારા આખા પરિવારને ભીંજવી દીધો.

પૂ. માનું સ્વાસ્થ્ય પ્રવાસના અને શિબિરના થાકને લીધે બરાબર ન હતું. એટલે એક દિવસનો જ પૂ. માનો જાહેર સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવેલ. ઘણાંને એવું લાગ્યું કે અમે અમારી સાંસારિક ઉપાધિઓમાંથી મુક્ત થઇ ત્રણ દિવસની અમદાવાદ શિબિરમાં ના જઇ શક્યા, તો પૂ. મા સામેથી કૃપા કરીને અમને દર્શન આપવા આવ્યાં. પૂ. માની કેવી કરૂણા!

સાધકોના આવા ભાવોના પ્રત્યુત્તરમાં પૂ. મા કહે, "સાંસારિક વિટંબણાઓમાં છોકરાઓ તો કદાચ માને ભૂલી જાય, પરંતુ માથી એમ થોડું છોકરાઓને ભૂલી જવાય છે ?"

આ પ્રવાસમાં પૂ. મા સાથે સર્વમંગલ ચે. ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી બાબુભાઇ વોરા ને તેમનાં ધર્મપત્ની મધુબેન પણ હતાં.

શ્રી બાબુભાઇને ૭૫ વર્ષ ૧૯–૮–૮૯ ના રોજ પૂરાં થયાં. તે નિમિત્તે પૂ. માએ એમને 'સેવામૂર્તિ' બીરૂદ આપ્યું. આમ તા. ૨૦–૮ નો એમનો જન્મદિન એમની જન્મભૂમિ

ભાવનગરમાં એમના સંબંધીઓ, પૂ. મા અને સાધકોની ઉપસ્થિતિમાં ઘણાં વર્ષો પછી ઉજવાયો. એનો એ દંપત્તીને ઘણો આનંદ થયો.

ભાગવતાચાર્ય પ્રો. જનાર્દનભાઇ દવેએ ભાગવતના શ્લોકોના આધારે પૂ. માના આ લીલાતનુ અંગે સત્સંગની બેઠકમાં સરસ પ્રવચન આપ્યું. શ્રી નારાયણભાઇએ એમના વિદેશ યાત્રાના પૂ. માના કૃપા પ્રસંગો કહ્યા.

## સુધારો

ઓગસ્ટ, '૮૯ ના અંકના પાના ૩૬ ઉપર "સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું?" એ લેખના લેખક તરીકે શ્રી યોગેશ્વરજીનું નામ ભૂલથી છપાયું છે. એના લેખક છે શ્રી ભાઇલાલભાઇ છાટબાર. તો સુધારીને વાંચવું. □

એજ રીતે પાના નંબર ૨૦ ઉપર છપાયેલ લેખનું મથાળું ગુરુપૂર્ણિમાની ઉજાણી નહિ પણ ઉજવણી વાંચવું. □

આ લેખના અંતમાં ટોરેન્ટો ધ્યાન કેન્દ્ર કેનેડાથી આવેલ શ્રી સુરેશભાઇ શાહ અને અન્ય સાધકોનો ગુરુપૂર્ણિમા નિમિત્તે આવેલ સંદેશાનો ઉલ્લેખ છાપવાનો રહી ગયેલ. સંદેશાઓમાં ભાવનગરથી શ્રી ભાઇલાલભાઇ છાટબારના કાર્યક્રમને સફળતા ઇચ્છતા તારનો પણ સમાવેશ કરવામાં આવેલ.

તંત્રી



## પહેલીવાર

આજે કરું છું બંદગી જિંદગીમાં પહેલીવાર!
ઘાયલ હૃદય મારું સહે સિતમ અહો આ પહેલીવાર!

કમજોર છું આવી શક્યો ના હું કદી દરબારમાં,
યાદ કેરી વીજ ઝબકી સૂચન કરે શું પહેલીવાર!

પ્રેમ પાવનની અસર કાતિલ હશે કોને ખબર?
નીંદ વેરણ થઇ બન્યો બેચેન આજે પહેલીવાર!

માફ કરજે શિસ્તનું ના ભાન મૂજને લેશ પણ,
ભીની આંખે નામ તારું યાદ કરું છું પહેલીવાર!

ક્યાં રહે? ને ક્યાં ફરે? શું ગમે ને અણગમે?
આવ્યો છતાં પણ બેખબર તારા શરણમાં પહેલીવાર!

કામી અને મેલો કરું એકરાર આજે પહેલીવાર!
સ્થાપી હૃદય મંદિરમાં આ ફૂલ ચઢાવું પહેલીવાર!

પરમાર્થી

# ગીતાધર્મ

શ્રી લાભુભાઈ દવે

આજકાલ પશ્ચિમની હવા ભારતમાં વહેવા માંડી છે. પશ્ચિમના દેશોનું આંધળું અનુકરણ આપણને ક્યાં લઈ જશે તેની કલ્પના પણ ધ્રુજાવી મૂકે છે. આજે પૈસા પાછળ દોડતો માનવી અસત્યના રસ્તે જેટ વિમાનની ગતિથી દોડી રહ્યો છે, સારા શબ્દોમાં કહીએ તો ભાન ભૂલ્યો છે. છતાં હજુ ભારત માતાનું પૂણ્ય પરવાર્યું નથી. હજુ પણ આ દેશમાં માનવીના હૃદયના એક ખૂણામાં પ્રેમ, દયા અને નીતિ પડેલાં જણાય છે, અને થોડાક ભલે હોય પરંતુ આ માનવીઓ ધર્મ વિષે વિચાર જરૂર કરે છે, અને આજે તો ભારતમાં અનેક ધર્મો ફાલ્યા ફૂલ્યા છે, ત્યારે સામાન્ય માનવી વિચારે છે કે ક્યો ધર્મ સાચો? હિંદુ ધર્મ? મુસ્લીમ ધર્મ? શીખ ધર્મ? પારસી ધર્મ? ખ્રિસ્તી ધર્મ? કે વળી બીજો કોઈ ધર્મ? કારણ દરેકે દરેક ધર્મના વડાઓ ઢોલ નગારાં સાથે પોતાનો ધર્મ જ સાચો તે સાબિત કરવા મેદાને પડ્યા છે. અનેક સંપ્રદાયો, અનેક મતો, અનેક ઉપદેશો, તર્કો, અનેક શિષ્યો, બાપરે! બાપ! સામાન્ય માનવી મુંજાઈ જાય તેમાં જરાપણ શંકા નથી.

આવા કપરા સમયમાં જ્યાં અરાજકતા, બેઈમાની, ભ્રષ્ટાચાર, ખૂન, બળાત્કાર, સાચી કેળવણી તથા સાચા સંસ્કારનો અભાવ, આંધળું અને દેખાદેખી અનુકરણ, પૈસાની પ્રબળ ભૂખ, ફાલ્યાં ફૂલ્યાં છે ત્યાં આપણે દિવાદાંડી બનવા



પ્રયત્ન કરી શકીએ.

ભલે ધર્મો અને સંપ્રદાયો, ઉપદેશકો અને પ્રચારકો ગમે તેટલા અને ગમે ત્યાં હોય, મનુષ્ય માત્ર માટે એક ઉત્તમ ધર્મ છે, "ગીતાધર્મ".

"ગીતાધર્મ"ને હું એટલા માટે મહત્ત્વ આપું છું કે ભગવાન શ્રી કૃષ્ણ મહારાજે એમાં કોઈ ખાસ ધર્મ, કે સંપ્રદાયનો પ્રચાર કરેલો નથી, પરંતુ ભગવાને સ્વયં મનુષ્ય માત્રના કલ્યાણ માટે યોગ્ય રાજમાર્ગ બતાવ્યો છે, ભગવાન શ્રી કૃષ્ણજીના સમયથી આજ સુધી "ગીતાધર્મ" પ્રબળ, અને સનાતન રહ્યો છે તેનું કારણ તેમાં રહેલું માનવી માત્રનું કલ્યાણ છે, જેને દેશ કે કાળના સીમાડા નડતા નથી. અને ભારતના સપુતો માટે આ એક ગૌરવની વાત છે કે આ "ગીતાધર્મ" આપણા ભારતમાં સ્વયં પ્રભુએ શ્રી અર્જુનને ફક્ત નિમિત્ત બનાવી સ્વમુખે આપણા અને જગતના કલ્યાણ માટે ગાયો છે.

આપણે ભારતમાં એટલા માટે જન્મ પામ્યા કે ભગવાન શ્રી કૃષ્ણજીની આપણા ઉપર પરમ કૃપા છે. આપણા હૃદયમાં ઈશ્વરનો વાસ છે, ધર્મનું પાલન કરવાની આપણી ઇચ્છા છે. નીતિના સિદ્ધાંતો અપનાવી તે પાળવાની હૃદયના ખૂણામાં પ્રબળ ઈચ્છા છે જો આમ ન હોત તો આપણે ભારત સિવાયના ભૌતિક વાદમાં ગળાબુડ ડૂબેલા દેશમાં જન્મ મેળવ્યો હોત.

આપ આ લેખ વાંચી ધર્મ તથા ભગવાન વિષે વિચારો તે પણ પૂર્વ સંચિત આપનાં તથા મારા પૂર્વ જન્મનાં સત્કર્મ તેમ જ ભગવાન મહાદેવજી, આસુતોષ શિવજીની કૃપા છે, એમ માનજો.

ભગવાનના સામ્રાજ્યમાં સારું અને ખોટું બંને છે. ભગવાને સ્વયં પોતાનામાંથી સારા અને ખરાબનું નિર્માણ કર્યું છે. તેથી સારું અને ખોટું બંને ઈશ્વરે આપણને આપ્યાં છે, આપણામાં ભલાઈ પણ છે, અને બુરાઈ પણ છે, કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, દયા, પ્રેમ, કરુણા, દાનની વૃત્તિ વગેરે છે. હવે સ્વયં ભગવાનમાંથી જ ભગવાને આ બંનેને બનાવ્યાં તે આપણામાં પણ હોય તે સ્વાભાવિક છે, આપણને કેટલીક વખત વિચાર આવે કે મારામાં આ ખરાબીઓ, બુરાઈઓ, દોષ, શા માટે છે? અને આનું આપણને ખરાબ પણ લાગે છે, કેટલીક વખત આપણે ભગવાનને દોષ પણ આપીએ છીએ કે મારામાં આ દોષ–ખરાબીઓ શા માટે મૂક્યાં છે? અને આવા વિચારો આવવા તેપણ સ્વાભાવિક છે, ઉપરાંત ભગવાન શ્રી કૃષ્ણજીની કૃપા જ છે, પરંતુ આ બાબતમાં હવે શંકાને સ્થાન નથી રહેતું કારણ સારું, ખોટું, જડ, ચેતન સ્વયં પ્રભુ જ છે, કૌરવો પણ પ્રભુ છે, અને પાંડવો પણ પ્રભુ જ છે, અને આ કૌરવો તથા પાંડવો આપણા શરીરમાં બુરાઇ તથા ભલાઇ બનીને વાસ કરે છે, આપણા શરીરને કુરુક્ષેત્ર સમજીએ તો આ બંને પક્ષોની લડાઇ આપણા શરીરરૂપી મેદાનમાં સતત ચાલ્યા જ કરતી હોય છે. શું મારી વાત ખોટી છે?

આપણે આપણા શરીરરૂપી કુરુક્ષેત્રમાં રહેલા કૌરવો તથા પાંડવોની વાત કરી. કૌરવો વધારે છે, પાંડવો તો ફક્ત પાંચ જ છે. આપણામાં ખરાબીઓ વધારે છે, સારાપણું ખૂબ અલ્પ છે. આ અલ્પ સંખ્યક સારાપણારૂપી પાંડવોએ આ જીવનસંગ્રામમાં ખરાબીઓરૂપી કૌરવો સામે વિજયી બનવાનું છે. હવે આ વિજય કેવી રીતે મળે? આ વિજય મેળવવા માટે



ભગવાન શ્રી કૃષ્ણજીને આપણા જીવનરૂપી રથના સારથિ બનાવવા પડે. ભગવાન સારથિ બની જીવન ચલાવે, ત્યારે બુરાઇઓનો નાશ થાય. ચોક્કસ થાય. સારાપણાનો વિજય થાય. સત્યનો હંમેશાં વિજય થાય. જ્યાં ભગવાન શ્રી કૃષ્ણજી ત્યાં સત્ય. જ્યાં સત્ય ત્યાં વિજય. જ્યાં ભગવાન કૃષ્ણચંદ્રજી ત્યાં અચૂક જય અને વિજય. આમાં જરાપણ શંકાને કારણ નથી. માત્ર આપણામાં પ્રભુપ્રત્યે વિશ્વાસ અને શ્રદ્ધા હોવાં જરૂરી છે.

આજના બનાવટી કળીકાળમાં માનવી માત્રમાં વિશ્વાસ તથા શ્રદ્ધાનો અભાવ સતત દેખાય છે, અને આનું પણ કારણ છે આપણામાંથી કેટલાકને મળેલા સંસ્કારનો પાયો કાચો છે. જો માતા મીરાંરાણીની જેમ બાળપણથી જ પ્રભુપ્રત્યે પ્રીતના સંસ્કાર માતા–પિતા, ગુરુજનો તથા વડીલ તરફથી મળે તો ઉંમર સાથે પ્રભુપ્રીતમાં પણ વિશ્વાસ તથા શ્રદ્ધા વધે અને તે એક વિરાટ વટવૃક્ષ બને. પરંતુ મૂળમાં પાયામાં જ ખામી છે. પરંતુ એથી દુ:ખી કે નારાજ થવાની જરાપણ જરૂર નથી. ભઇલા, જાગ્યા ત્યાંથી સવાર! હજુ કશું બગડ્યું નથી. આ ક્ષણ ઉત્તમ છે. પ્રભુકૃપાથી આ લખાણ આપણા માટે લખાયું છે, પ્રભુપ્રત્યેની પ્રીતિના વિચાર આપણા મગજમાં મહાદેવ શિવજીની ઇચ્છા અને કૃપાથી જ પેદા થયા છે, તો ચાલો આ ક્ષણે જ સમગ્ર ચિંતાઓનો પોટલો માથેથી ઉતારી નાંખી પ્રભુ શ્રી કૃષ્ણચંદ્રજી રાધા સ્વામીને જીવનની લગામ સોંપીએ.

હવે સવાલ થાય છે આ લગામ પ્રભુના હાથમાં આપવી કઇ રીતે? શું બધું કૃષ્ણાર્પણ કરવાથી પ્રભુ સ્વીકારે ખરા?

દોસ્ત, પ્રભુ તો પરમ કૃપાળુ છે, દરેકને કોઇને કોઇ પ્રકારનું

દુઃખ છે, ચિંતા છે. કોઇને પૈસા છે તો પણ દુઃખ છે, કોઇને પૈસા નથી તેનું દુઃખ છે, કોઇને આ દુઃખ છે તો કોઇને પેલું દુઃખ છે, ભગવાન શ્રી કૃષ્ણજીના સમયથી આ ક્ષણ સુધી સમગ્ર વિશ્વમાં માનવી માત્રને કોઇને કોઇ પ્રકારનું દુઃખ છેજ, આ સંસારમાં કોઇ સુખી નથી.

પરંતુ આમાં અપવાદ છે, "ગીતાધર્મ"નું પાલન કરનારા આ સંસારમાં મહાસુખી છે, તેમને કોઇ જ પ્રકારનું દુઃખ નથી, એતો પ્રભુભક્તિમાં મસ્ત બની લલકારે છે કે, "માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખન હારા દાજે રે..."

પ્રભુને આપણા જીવનની લગામ સોંપવી કઇ રીતે? આ સવાલ જ મૂળમાં ખોટો છે, આપણા જીવનની લગામ પરમ કૃપાળુ પરમાત્માના હાથમાં જ છે, આપણે અજ્ઞાનતા વશ તથા ધૃતરાષ્ટ્ર મહારાજની જેમ છતી આંખે આંધળા હોવાથી આ વાત સમજી શકતા નથી. અજ્ઞાનતા એજ અંધત્વ; અને પ્રભુ આપણું તેને અર્પણ કરેલું સ્વીકારે ખરા? આ પણ ખૂબ હાસ્યાસ્પદ સવાલ છે, આ સમગ્ર વિશ્વ ઈશ્વર જ છે, તેની મરજી વગર કશું બનવું શક્ય જ નથી. તેથી આપવા તથા લેવાનો સવાલ જ રહેતો નથી. આપણે વળી કર્મ કરવાવાળા કોણ? અને વળી કર્મ કરી પ્રભુને અર્પણ કરવાવાળા કોણ? પ્રભુની મરજી વગર આપણે એક આંગળી પણ ઊંચી કરી શકતા નથી. જો આ વાત આપણે ન સ્વીકારીએ તો તે આપણું અજ્ઞાન છે, અંધત્વ છે, આપણો ખોટો 'અહં' છે, પ્રભુ 'નથી,' કહેવાથી તેના અસ્થિત્વમાં કોઇ ફરક પડતો નથી. કોઇ સવાલ કરે કે પ્રભુ છે તો અમને કેમ દેખાતો નથી? જેને મોતિયા વળ્યા હોય તેને ચશ્માં વગર કે ઓપરેશન વગર કાંઇ ન દેખાય



તેમ પ્રભુને જોવા માટે પણ ભક્તિરૂપી ચશ્માં પહેરવાં પડે, અહંરૂપી મોતિયાનું ઓપરેશન કરાવવું પડે. પ્રભુ તો સદૈવ આપણી સાથે અને સામે જ છે, નથી જણાતો તેનું કારણ આપણી ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસમાં ખામી છે,

કોઇ ભીંત સામે આપણે ઊભા હોઇએ, હવે ભીંતની પેલે પાર આપણને ન દેખાય તેનો અર્થ એમ ન થાય કે ભીંતની પેલી બાજુ જગત નથી. જગત તો છેજ. પરંતુ ભીંત આડે આવવાથી આપણને જગત દેખાતું નથી, હવે આ ભીંત હટાવો, અથવા પોતે ત્યાંથી હટી જાઓ, જગત નજરે પડશે. પરંતુ ભીંત હટાવવા અથવા ત્યાંથી ખસી જવા પ્રયત્ન કરવો પડશે. પ્રયત્ન વગર કંઇ ન બને. હવે ભીંત તમે હટાવો અથવા બીજો કોઇ હટાવે. હવે આ બીજો કોઇ એટલે? આ બીજો કોઇ એટલે ગુરુ! આ ગુરુ પોતાના દિવ્યજ્ઞાન વડે આપણી અજ્ઞાનતારૂપી ભીંત હટાવે અથવા આપણને અંધારામાંથી અજવાળામાં લઇ જાય, જ્યાં બધું જ સ્પષ્ટ અને સુંદર હોય. પરંતુ આવા ગુરુ શોધવા ક્યાં?

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે. સુરત-૩૯૫૦૦૭.

# પરમ સમીપે (૩)

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

આજે પરમ શક્તિ સમીપે વિહાર કરીએ તે પહેલાં અંતરની આરઝુને કેમ કરી રોકી શકાય?

વિશ્વંભરી મધુમયી જગદંબ એવાં,
નામો રમે હૃદયમાં રસખાણ જેવાં;
નેત્રો જુએ મધુરરૂપ વળી તમારાં,
દેવી મહા! નમન હો શતવાર મારા—

સપ્તશૃંગી માતાનું મંદિર હોય કે સાઇનાથ પ્રભુનું લીલાસ્થાન શીરડી હોય સર્વત્ર એજ પ્રેમમયીના પયપાનના અમૃતઘૂંટનો આસ્વાદ અનેરો જ છે. મા કેવાં છે? જાણે એ સુમધુર રૂપ જોતાં અંતર ધરાતું જ નથી! ગુરુદેવપ્રભુ એ પરમ શક્તિનો મહિમા ગાતાં આનંદી ઉઠે છે:–

પ્યાસ નિદ્રા ભૂખ ભૂલી, કરી સૌ કુરબાન,
ક્ષણે ક્ષણ રસમસ્ત વીતે, તૃપ્તિ ના, ન વિરામ,
ભૂલી મહિમા વદન વિધુથી ચરણ જોઉં રસાલ,
બની પાગલ ઘેનમાં ના પલક પાડું કદાચ.

જેમનાં દર્શન કરવામાં પલક પાડવાની પણ ઇચ્છા ન થાય એવાં પૂ. માના મનોહર દર્શન અત્યારે શીરડીની યાત્રાએ જતાં છોકરાઓ પામી રહ્યા છે, એજ પ્રસન્નતા, એજ નિર્દોષ હાસ્યથી નિખરી ઉઠેલો શૃંગાર અને એજ શુભ્ર વસ્ત્રોમાં પૂ. મા કેવાં શોભી રહ્યાં છે! બસ જોયા જ કરીએ! અને બીજુ કરવાનું પણ શું છે? છોકરાઓ જાણે એ દર્શનમાં ડૂબી ગયા છે! પૂ. માની વાણી સાંભળતાં સૌની દર્શન સમાધિ તૂટે છે. પૂ. માની બેઠક શ્રી વિનોદભાઇએ અનેક ઓશિકાઓ મૂકીને સરસ સજાવી છે. એ જોતાં પૂ. મા કહે, "આ બહારના ટેકા બહું કામના નહિ, ટેકો તો એક ભગવાનનો જ લેવો જોઇએ." પૂ. શ્રીની પાછળ ઓશીકું સરખું કરતાં પૂ. મા હસતાં હસતાં કહે, "પ્રભુને ટેકો આપીએ તો પ્રભુ પણ આપણને ટેકો આપે." પૂ. માની આ સહજ વાતોમાં કેવો સાર ભર્યો છે તે ધ્યાનથી સાંભળીએ ત્યારે એ સાધનામય જીવન મધપુડામાંથી ટપકતાં મધુબિંદુઓના સ્વાદનો આનંદ લૂંટી શકીએ! આજે પૂ. માએ ખૂબ જ સુંદર વાત કહી. પૂ. મા માટે પ્રેમવશ થઇ છોકરાઓ જાતજાતની સગવડતા કરે. શ્રી મધુસૂદનભાઇએ બસની સીટો કાઢીને ત્યાં પૂ. મા માટે પલંગ ફીટ કરાવ્યો છે. છોકરાઓ દરરોજ પૂ. માની બેઠકને મંદિરની જેમ શણગારે, પૂ. મા છોકરાઓના પ્રેમનો સ્વીકાર કરે. લાગણીને માન આપે, સગવડતાઓ અપનાવે પણ ખરાં, પરંતુ તેમાં કોઇ અપેક્ષા કે અધિકારનો અણસારો પણ ન આવે. પૂ. માનું અંતર એવું સ્વચ્છ અને પવિત્ર કે ત્યાં જગત બાજીગરીના છલબલનું નામોનિશાન જોવા ન મળે. સીધી જ વાત, સાફ પ્રતિબિંબ, કોઇ ડાઘડૂઘ નહીં. એટલે જ છોકરાઓના પ્રેમનો પ્રત્યુત્તર આપતાં પૂ. મા કહે, "અમે કોઇ ભાર રાખતાં નથી. માન, પદ, પ્રતિષ્ઠા, અહંકાર કે મહાન ગુરુના શિષ્યત્વનો પણ કોઇ ભાર રાખતાં નથી. એ બધો ભાર ઉંચકીને ચાલીએ તો પ્રભુના દર્શનરૂપી 'સપ્તશૃંગી' ચઢાય નહીં."

મહાન હોવા છતાં મહાનતાનો ભાર ન રાખવો એ કેટલી કપરી વાત છે! નિજાનંદની મસ્તી એ પૂ. માની સાધનાની આગવી વિશિષ્ઠતા છે. વિધિ કે પ્રથાની કોઇ ગુલામગીરી નહીં. એક નાનકડા પ્રસંગની એ અલગારી મસ્તી યાદ આવે છે. એક વખત પૂ. મા સાથે બ્રહ્મપુરી શ્રી નારાયણભાઇ જાનીને ત્યાં જવાનું સદ્‌ભાગ્ય મળ્યું. રસ્તામાં આવતું બડોલી એ વિશ્વનાથ જાનીનું જન્મસ્થાન. પૂ. માને થયું કે વિશ્વનાથભાઇ ભલે અહીં ન હોય છતાં તેમને ઘેર જવું છે. પૂ. મા તો ભક્તમંડળી સાથે ગયાં, ઘર બંધ. પરશાળ ધૂળથી ભરેલી. કોઇને કલ્પના સરખી પણ ન હતી ત્યાંતો પૂ. મા એ ધૂળ ભરેલી પરશાળમાં જ બેસતાં કહે, "આ અમારા છોકરાનું ઘર અને એનો ભાવ એ અમારું ઘર." જોઇ આ અલગારી મસ્તી! જ્યાં ભાવ જુએ ત્યાં પૂ. મા સામેથી દોડીને જાય. ભક્તોના હાથમાં ગાદી તકિયા એમને એમ રહી ગયા અને પૂ. મા પોતાના બાળકની ધૂળે ભરેલી પરશાળમાં પણ રમણરેતીની જેમ આળોટી પડ્યાં?

અત્યારે આપણે સાઇનાથ પ્રભુના દર્શને શીરડી જઇ રહ્યા છીએ. એ પુનિત દર્શનનો લ્હાવો આપણે સૌ લઇએ.

બાંધ્યો શિરે સરસ શ્વેત રૂમાલ જેણે,
પ્હેરી પવિત્ર કફની કટિવસ્ત્ર તેણે,
બેઠા શિલા પર સજી સુખ જે પ્રશાંત,
સાઇ કરો હૃદયને મુજ છેક શાંત.

આજે સાઇનાથ પ્રભુનો મનગમતો ગુરુવાર છે. દર ગુરુવારે શીરડીમાં માનવ મહેરામણ ઉમટે, સાઇનાથના દર્શનમાં બેસુમાર ભીડ થાય એટલે પૂ. મા કહે, "સૌ સાઇબાબાનું નામ



સ્મરણ કરો એટલે તેમની કૃપાથી દર્શનનો લ્હાવો તુરત જ મળે." અમે રાત્રે આઠ વાગ્યે બાબાને દર્શને મંદિરે પહોંચ્યા ત્યારે દર્શનાર્થીઓની એટલી બધી ભીડ ન હતી. શાંતિપૂર્વક આનંદથી દર્શનનો લ્હાવો લઇ શક્યા. પૂ. મા કહે, "પ્રભુનું પ્રેમપૂર્વકનું સ્મરણ કદીયે વિફળ જતું નથી. આજે આપણે બસમાં શીરડી આવતાં સાઇબાબાના પાવન નામસ્મરણમાં ડૂબ્યા એટલે એમની કૃપા થકી ગુરુવાર હોવા છતાં શાંતિપૂર્વક દર્શનલાભ પામી શક્યાં."

રાત્રે ૧૧ વાગ્યે સત્સંગસભા ઉતારા પર થઇ, આખા દિવસની યાત્રા છતાં પૂ. મા પ્રસન્ન છે. આજે પૂ. મા સાઇનાથ પ્રભુના લીલા સ્થાનમાં બીરાજ્યાં છે તેથી સહજરીતે સાઇનાથના લીલા પ્રસંગોને યાદ કરે છે, પૂ. મા કહે, "અમે સૌ પ્રથમ અમારા માતાપિતા સાથે શીરડીની યાત્રાએ આવેલાં. પૂ. શ્રી અને સાઇબાબાને પરસ્પર પ્રીતિ હતી. આંતર જગતમાં તેમના અનુભવો વિરલ હતા. છેલ્લે દક્ષિણભારતની યાત્રા વખતે જ્યારે પૂ. શ્રી શીરડી પધારેલા ત્યારે સાઇબાબાએ અસહ્ય ભીડ વચ્ચે પણ પૂ. શ્રી માટે ચમત્કારિક રીતે ઉતારાની વ્યવસ્થા કરી હતી. અમે એક વખત વડોદરા જીતુભાઇને ત્યાં હિંચકે બેઠાં બેઠાં સાઇબાબાની સ્તુતિ કરતાં હતાં, ત્યારે વિચાર આવ્યો કે શું સાઇબાબા અમારી આ સ્તુતિ સાંભળતા હશે! હજુ તો આ વિચાર જ આવ્યો ત્યાંજ વિરાસનમાં બેઠેલા સાઇબાબાનાં દર્શન થયાં. એક વખત સત્યપથમાં રાત્રે પથારીમાં સૂતાં ત્યાંજ સૂતાં સૂતાં સાઇનાથ ભગવાનની સ્તુતિ દિવ્યસ્વરે સંભળાવા લાગી. પછી પડખુ ફેરવ્યું તોપણ બીજા કાનથી દિવ્ય સ્તુતિ સંભળાવા લાગી. એ દિવ્ય સ્વરો સમૂહગાનના રૂપમાં આવતા

હતા, જાણે હજારો ઋષિમુનિયો એ પ્રેમગાનમાં મગ્ન ન હોય! આજે પણ સાઈબાબા કૃપા કરીને અમને વારંવાર દિવ્ય અનુભૂતિઓ આપે છે. હમણાં છેલ્લે કપુરાથી અહીં દર્શને આવ્યાં ત્યારે અમારી પ્રેમપૂર્વકની પ્રાર્થના સાઈબાબાએ સાંભળી અને પૂજારીને નિમિત્ત બનાવી અમારા માટે સામેથી ચાલતા આવીને શ્રીફળ, ફૂલ અને ઉદી પ્રસાદરૂપે આપ્યાં. અમને આથી આનંદ થયો કે સાઈનાથે અમારી હાજરીની નોંધ લીધી. તેથી અમને વારંવાર આ શીરડીની લીલાભૂમિમાં આવવાનું ગમે છે. પૂ. શ્રીના સાન્નિધ્યમાં જ્યારે પ્રથમવાર રહેવાનું સદ્‌ભાગ્ય મળ્યું તે દિવસે ગુરુવાર હતો. ત્યારથી અમે સતત દર ગુરુવારે સાઈબાબાની સ્તુતિ નિયમિત કહીએ છીએ."

પૂ. મા કહે, "આંતરિક અનુભૂતિ માટે પાત્રતા કેળવવી પડે છે. જીવનદર્પણને દરરોજ ઘસીને સાફ કરવું જોઈએ. તેમાં મોહમાયાના ડાઘ ન લાગે તે માટે સતત જાગૃત રહેવું જોઈએ. આ યાત્રાનો હેતુ પણ જીવનદર્પણને સાફ રાખવા માટે છે. યાત્રામાં સાંસારિક આસક્તિઓ છોડી તીર્થમાં દેવ જીવંત બિરાજે છે તેવી શ્રદ્ધા સાથે સતત નામસ્મરણ કરવું જોઈએ."

પૂ. મા શ્રીમદની કૃપાની વાત કરતાં કહે, "આત્મદર્શી પુરુષોમાં પ્રથમ હરોળમાં આવે એવી ઉચ્ચ તેમની આધ્યાત્મિક અવસ્થા હતી. શ્રીમદની કૃપાના અનુભવો અમને પણ થયા છે. એક વખત અમેરિકામાં અમે જ્યારે શ્રી ભગવાનજીભાઈને ત્યાં હતા ત્યારે સહજ પ્રેમથી પ્રેરાઈને તેમને માટે લખાયું. આ ભાવાંજલિનો ભાવ તેમને સ્પર્શ્યો કે કેમ? જો ગમ્યું હોય તો પ્રેમપૂર્વક સ્વીકારવા શ્રીમદને પુષ્પ ચઢાવી તેમને પ્રાર્થના કરતાં શ્રી ચરણોમાં પ્રણામ કર્યાં. કૃપાળુદેવ પ્રસન્ન થયા અને



અમને મસ્તક પર અર્પણ કરેલું પુષ્પ પ્રસાદીરૂપે આપી તેમની પ્રસન્નતા પ્રગટ કરી."

સાંજની સત્સંગસભાના સમાપનમાં પૂ. મા નચિકેતાનું ભાવવાહી આખ્યાન કરે છે. અંતે કેનોપનિષદની પ્રાર્થના પૂ. મા સૌને ગવડાવે છે.

આ અંગ મારાં પરિપૂર્ણ સ્વસ્થ હો,
હો ઈન્દ્રિયો સૌ બળવાન મારી,
ના છોડુ કોદિ પ્રભુને હું સાચે,
ને ના મનેય પ્રભુ કોદિ છોડે,
અતૂટ સંબંધ હજો અમારો,
સૌ વેદધર્મો મુજમાંહી મૂર્ત હો.

આજે ૩ માર્ચ '૮૯ નું શુભ પ્રભાત શીરડી તીર્થસ્થાનમાં પૂ. મા પ્રભુના પાવન દર્શન સાથે પ્રકટ્યું છે. સાઈનાથની લીલાભૂમિ જાણે ફળફૂલથી લચી પડેલી છે! ભારે ઉમંગથી છોકરાઓએ આજે પૂ. મા પ્રભુને ફૂલોથી શણગાર્યા છે. પ્રેમભક્તિનો પળેપળનો મહોત્સવ માણવાનો લ્હાવો એ પરમ શક્તિની પ્રત્યક્ષ કૃપા દ્વારા પામી રહ્યાં છે!

સાઈનાથની સ્નાનવિધિના દર્શન માટે પૂ. મા સાથે સૌ મંદિરમાં આવ્યા છે. સ્નાન પછી સાઈનાથની મૂર્તિને ઘસીને સાફ કરતાં જોઈ પૂ. મા કહે, "આ લોકો જાણે પ્રભુની ચામડી ઉતરી જાય એ રીતે ઘસે છે. ઋજુતાપૂર્વક મજ્જન, અર્ચન કરવું જોઈએ. વવાણિયામાં પણ શ્રીમદરાજચંદ્રને આ રીતે ઘસી ઘસીને સાફ કરતાં જોઈ અમારી આંખમાં આંસુ આવી ગયાં હતાં." પ્રભુ પ્રત્યે કેવો પ્રેમ! પ્રત્યેક પળે કેવી જાગૃતિ!

પરમાત્મા પ્રતિ પ્રીતિ જાગી જાય ત્યારે પ્રભુથી, પરોક્ષના ભેદ કેવા મટી જાય છે તેનો કેવો પદાર્થપાઠ પૂ. મા પૂરો પાડી રહ્યાં છે!

ચાલો, માતૃવાત્સલ્યના પાવન ઝરણામાં સ્નાન કરી લઇએ! શીરડી તીર્થક્ષેત્રમાં ધોમ ધખી રહ્યો છે. બપોરનો એક વાગ્યો છે, પૂ. મા શીરડીની બજારમાં ખુલ્લા પગે ઘૂમી રહ્યાં છે. એકેય એવી પળ નથી હોતી કે જે પળે પૂ. માની ભાવગંગામાં સ્નાન કરવાનું ન સાંપડે! અહીં હરઘડી પ્રેમ યોગ સ્વરૂપે સાકાર બને છે. પૂછવાની હિંમત થતી નથી કે મા, તમે આ તાપમાં ખુલ્લા પગે કેમ તપી રહ્યાં છો? છતાંય પૂછાય જવાયું. જવાબ ત્યાં શબ્દરૂપે ભલે વહ્યો પરંતુ એ નર્યો પ્રેમ જ હતો–માનો બાળક પ્રત્યેનો. પૂ. મા કહે, "અરે, પેલી છોકરી કલ્પુ માટે કંઇક શોધી રહી છું." એ ચિંતિત ચહેરે પૂ. માને તમે ફરતાં જુઓ, દુકાને દુકાને પૂછતાં જુઓ તો એમ લાગે કે આમાં જગજનની મટીને કેવળ એક બાળકની 'મા' બની ગઇ છે! મંજુબેન ભાવસાર માટે જ્યારે સાઇબાબાની મનગમતી પ્રતિમા દુકાને દુકાને ફરી વળીને પસંદ કરી ત્યારે એમ થયું કે બાબા! તમે તો પ્રસન્ન થાઓ ત્યારે સાચા, પરંતુ આ પ્રગટ પરમેશ્વરીની પ્રસન્નતા તો અમે સૌ પામી રહ્યાં છીએ! ગુરુદેવ પ્રભુ આવો સુંદર ભાવ એક ભજનમાં વ્યક્ત કરે છે.

પૂરણ એક પ્રેમયોગ છે, યોગ બીજા અસાર,
ભગવાન એક ભાવથી મળે, વાત થાય ને રસાળ.

આવાજ એક બીજા ભાવસભર પ્રસંગનું મંગલ દર્શન કરીએ. અમારી બસ શીરડીની બજારમાંથી ઉપડવાની તૈયારીમાં છે, ત્યાં સુરેશભાઇ અને બીજા બે ત્રણ છોકરાઓ



માટલા કુલ્ફી ખાતા ખાતા બસમાં ચડ્યાં. તમને એમ થશે કે મા હમણાં છોકરાઓને વઢશે અને વઢ્યાં પણ ખરાં "કેમ કુલ્ફી કેવી લાગે છે?" "મીઠી લાગે છે મા" છોકરા બીતાં બીતાં બોલ્યા. મા કહે "તો તમે બસમાં એકલા જ છો? જાઓ પાછા અને માટલા કુલ્ફીવાળાને અહીં બોલાવી લાવો." અને સુરેશભાઇ દોડ્યા, એકતો ભારે શરીર, માથે બળબળતો તાપ. જ્યારે માટલા કુલ્ફીવાળા સાથે પાછા ફર્યા ત્યારે પરસેવે રેબઝેબ. એ મુખપર પૂ. માનો પ્રેમાદેશ પાળ્યાનો સંતોષ છલકતો હતો. પૂ. મા બોલ્યાં, "ચાલો દરેકને એક એક કુલ્ફી અપાવો." પૂ. મા પલાંઠી વાળીને પલંગપર બેઠાં છે. સામે પંદરેય છોકરાઓના હાથમાં માટલા કુલ્ફીના નાનકડા ગોળાઓ ફૂલના ગજરાની જેમ શોભી રહ્યા છે! શું પૂ. માની એ પ્રસન્નતા! એ ભાવવિભોર દૃશ્ય આજે પણ આંખ આગળથી ખસતું નથી. વચ્ચે વચ્ચે પૂ. મા દરેકને પૂછે છે કેમ ભાવે છે ને? જવાબમાં ખડખડાટ હસતા છોકરાઓ કહે, "મા ખૂબ ભાવે છે" ત્યાં તો પૂ. માનો આદેશ છૂટ્યો "ચાલો, બીજી એક એક કુલ્ફી લઇ લો" અને એ સાથે જ મા અને છોકરાઓના હાસ્યથી બસ જાણે ગાજી ઊઠી! શીરડી ને સાઇબાબા તો ઠીક પરંતુ એ પ્રેમસમાધિની અવસ્થામાં સ્થળ કાળ બધું જ વિસરાઇ ગયું! હજુ આ પ્રેમસમાધિ અહીં જ નથી તૂટતી, પૂ. મા કહે "પૂછો કુલ્ફીવાળાને હજુ છે?" છોકરાઓ કહે તે પહેલાં કુલ્ફીવાળો જ કહે "હજુ છે." યજ્ઞમાં જેમ આહુતિ આપવાની હોય તેમ પૂ. મા કહે "કરો ત્યારે બધી સ્વાહા" અને છોકરાઓ તૂટી પડ્યા, થોડીવારમાં બધું જ સ્વાહા! આ પ્રેમયજ્ઞ જોઇ મા કંઇ રાજી કંઇ રાજી કે ન પૂછો વાત! પૂ. માને એક આનંદ

આ બટુકો પ્રત્યેના વાત્સલ્યભાવનો અને બીજો આનંદ કુલ્ફીવાળાની બધીજ કુલ્ફી વેચાઇ ગઇ તેનો! શીરડી તીર્થક્ષેત્રમાં આ પ્રેમયજ્ઞ તીર્થસ્થાનને અનુરૂપ જ હતોને!

શીરડીથી અમે સાકોરી પૂ. ગોદાવરીમાતાના દર્શને આવ્યા છીએ. પ્રસંગ નાનો છે પણ પ્રેરણા કેવી મહાન છે? તીર્થક્ષેત્રના દરવાજા બહાર એક નાનો છોકરો બુટ, ચંપલ સાચવવા માટે બેઠો છે. બધાની જેમ પૂ. મા પણ એ છોકરા પાસેથી પસાર થયાં. એટલે છોકરો સહજભાવે બોલ્યો, "લાવો તમારા ચંપલ હું સાચવું" પૂ. માએ ચંપલ કાઢ્યાં એટલે અમારામાંથી એક બહેને પૂ. માની ચરણપાદુકા પોતાના હાથમાં લઇ લીધી. પ્રેમભાવે બહેન દરવખતે આવી નાનકડી સેવાનો આનંદ માણતાં. આ વખતે બહેને ચંપલ લીધાં એટલે તરત જ પૂ. માએ કહ્યું "આપી દો, એ છોકરાને, સાચવશે" અહીં એ ચરણપાદુકા આપીને કંઇ એ છોકરાનું કલ્યાણ કરવાની વાત ન હતી. પરંતુ એ નાનકડા છોકરાએ બાલસહજ નિર્દોષભાવે પૂ. માને જે વિનંતી કરી તે નિર્દોષ ભાવ પૂ. માને સ્પર્શી ગયો. નાનો હોય કે મોટો પરંતુ જ્યાં પૂ. મા આવા નિર્દોષભાવનું દર્શન કરે છે ત્યાં તેઓ એ ભાવને તોડી શકતાં નથી. ભાવ ભગવાનને કેવી રીતે ખેંચી લાવતો હશે તેનું આ નાનકડા પ્રસંગમાં શું દર્શન નથી થતું? પૂ. ગોદાવરીમાતા આજકાલ પરદેશમાં વિચરે છે છતાં અમે તીર્થસ્થાનનાં ભાવપૂર્વક દર્શન કર્યા કારણકે 'ભાવ'નો પદાર્થપાઠ અમને પ્રવેશદ્વારે જ મળી ગયો હતો!

પૂ. માના પ્રેરણાદાયી લીલાપ્રસંગોથી થાક્યા તો નથીને? તો ચાલો ત્યારે બીજો પ્રસંગ માણીએ. અહીં તો પ્રસંગોનો



પાર નથી. જુઓ એક અનોખુ દૃશ્ય! પૂ. મા બસમાં પ્રવેશે છે. આવીને પલંગપર બેઠા કે તરત જ આસપાસ પડેલા ઓશિકાઓને પૂ. મા બસમાં ચારે તરફ ફંગોળી રહ્યા છે. ઓશિકાઓ છોકરાઓના હાથમાં રહી ગયા છે! અણ કલ્પ્યું બનેલું જોઇ સૌ સ્તબ્ધ બની ગયા છે! ઘડીભર શું બોલવું, શું કરવું કંઇ સમજાયું નહિ. થોડીવારે પૂ. મા રોષમાં બોલ્યા "અમે કોઇ સંજોગો કે પરિસ્થિતિના ગુલામ નથી." છોકરાઓ તો જાણે પૂતળાં જોઇ લો! એવી તો શું ભૂલ થઇ કે પૂ. માને રોષમાં બોલવું પડ્યું! વાત એમ હતી કે પૂ. માની પલંગપરની બેઠક વિનોદભાઇ, સરોજબેન કે કંચનબેન ગોઠવતા. પૂ. માનુ શરીર એટલું તો કૃશ કે સરખી રીતે બેસી પણ શકાય નહી જો કોઇ કઠણ વસ્તુ સાથે હાડકાઓ ઘસાય તો તરત જ ત્યાં છોલાઇ જાય! એટલે પૂ. માની બેઠક માટે મુલાયમ ઓશિકાઓની જરૂર પડે. ક્યારેક યોગ્ય સૂઝના અભાવે ઓશિકાઓ એવી રીતે ગોઠવાઇ જાય કે જાણે ફરતી કિલ્લેબંધી ના કરી હોય! કંઇક આવી પરિસ્થિતિને લીધે આજે પૂ. મા અકળામણ અનુભવી રહ્યા. મંદિરોમાં ભગવાનના શ્રી ચરણોમાં એકાદ બે પુષ્પ અર્પણ કરી આપણે આપણો ભાવ વ્યક્ત કરીએ તે ઉચિત લાગે, પરંતુ ભાવના અતિરેકમાં આપણે પુષ્પોથી પ્રભુને ઢાંકી દઇએ, શણગાર કરવામાં પણ વિવેકને વિસરી જઇએ તો ભગવાન પણ અકળાઇ ઉઠે, પ્રગટ અને પરોક્ષ પ્રભુમાં આપણે એકત્વના દર્શન કરતાં હોઇએ તો પણ આપણી સૂઝ કે વિવેકના અભાવે આપણે ક્યારેક આ રીતે ભાવાતિરેક કરી બેસીએ છીએ. પ્રભુ પ્રગટ હોય કે અપ્રગટ આપણું વર્તન ઉચિત અને વિવેકયુક્ત હોવું જોઇએ. સેવા કે પૂજા માટે ક્યારે, કઇ વસ્તુની

કેટલી જરૂરિયાત છે તે માટેની સતત જાગૃતિ હોવી જોઇએ. તેવો પદાર્થપાઠ આજે પૂ. માએ જાણે પૂરો પાડ્યો! ઘડી પહેલાં છોકરાઓને માટલા કુલ્ફી ખવડાવતી મા આ રીતે કાન પકડીને વિવેકના પાઠ પણ ભણાવે!

એ પરમ પ્રકાશના ઉજાશમાં આજે આપણને શું લાધ્યું? વૃક્ષ જેમ સહજ છાંયો આપે તેમ પૂ. મા એવા મધુમય કે એ દિવ્ય સાન્નિધ્યમાં પહોંચ્યો એટલે મધુતા આપોઆપ સાંપડે. અધ્યાત્મ સાધનાના ઉચ્ચ શિખરો સર થતાં સિદ્ધિઓ હસ્તામલકવત્ છતાં જીવન વ્યવહાર એટલો તો સરળ કે જગતના માન, પદ, પ્રતિષ્ઠા ને અહંકારના ભારથી લદાયેલા લોકો પાસે પૂ. મા એક તરણા જેવા હલકા લાગે. રાતદિવસ તમે ભલે એ જીવનને જુઓ પણ એક આરજુના રટણ સિવાય બીજુ કંઇ સાંભળવા નહિ મળે.

દુનિયામાં ભલે કોઇને હું દીન ન ગમું,
તમને ગમું જો તાત! તો ન કાંઇ તે સમું!

પૂ. મા તો પ્રેમનો પારાવાર પરંતુ એ પારાવારમાંથી કદીયે નાનીસરખી આસક્તિની વાદળી ઊઠી નથી. કોઇપણ ભાવિકને ખરા દિલથી ચાહે પરંતુ આશા ફક્ત એના કલ્યાણની જ. વિપુલ સંપત્તિ વચ્ચે પ્રકટ્યાં, લક્ષ્મીના ખોળામાં આળોટી મોટા થયાં, આજે પણ લક્ષ્મી વચ્ચે જ વિહરે છે. છતાંય તદ્દન અલિપ્ત, જલકમલવત્–"મારું" શું છે? એજ પૂ. માને ખબર નથી!

દિવ્ય અનુભૂતિઓથી પૂ. માનું જીવન સમૃદ્ધ. પૂ. મા એવી ઉચ્ચ ભૂમિકાઓ પર વિહાર કરે છે કે તેની કલ્પના કરતાં આપણી વિચારશક્તિ થંભી જાય છે. શ્રી સાઇબાબા, ગુણાતીતાનંદસ્વામી, રંગઅવધૂત મહારાજ, જ્ઞાનેશ્વર



મહારાજ, સંતશિરોમણિ જલારામ ભગવાન જેવી અનેક નામી અનામી દિવ્ય વિભૂતિઓના દર્શન આંતરજગતમાં પામતા રહે છે.

ભાવ સાથે પૂ. માનો અતૂટ સંબંધ. સ્વજન કે કુટુંબીજન, દેશ કે પરદેશ જેવા ભેદભાવ પૂ. માને સ્પર્શી શક્યા નથી.

પૂ. માને ઉપદેશ આપવો ક્યારેય ગમતો નથી. એ સદ્વર્તનમાં જ એટલું માધુર્ય છે કે શાસ્ત્રોનો સાર સહજ રીતે એમાંથી સર્યા કરે છે.

ક્યારેક મેઘધનુષ્યની જેમ દેખાતા પુણ્યપ્રકોપ પાછળ પણ એજ મેઘધનુષી મુલાયમતા. ભાવિકોની ભૂલ પૂ. મા સહન ન કરી શકે, એ સુધરે ત્યારે જ નિરાંત વળે. દરેક જીવના કલ્યાણ પાછળ આવી અખંડ જાગૃતિ!

પૂ. માનું દિવ્યજીવન આ પાવન ભૂમિપર વિહરી રહ્યું છે. એ વીજળીના ઝબકારે જેના મોતી પરોવાઇ ગયા તે બડભાગી! જીવનનો શું ભરોસો!

આજની ઘડી રળિયામણી, કાલ કોણે દીઠી છે?
તો ચાલો એ પાવન દર્શનથી પ્રાણને પુલકિત કરી લઇએ.

બેઠાં સુખાસન મહીં લવલીન ધ્યાને,
સાકાર મોક્ષ સુખ સ્વર્ગ સમાધિ જાણે;
પાવિત્ર્ય પ્રેમ પ્રતિમા રતિથી રૂપાળાં,
મા સર્વેશ્વરી નમન હો શતવાર મારા.

(ક્રમશઃ)

# આધ્યાત્મિક અનુભવ અને તેનો ઉપયોગ

રતિલાલ ભાવસાર

○ આધ્યાત્મિક સાધનાનો ઊર્ધ્વ, એકાન્તિક અને અગોચર પ્રદેશ!

○ વિશ્રામ વગરની દૂર-દૂરની મજલ!

○ કઠણ કપરી કેડી!

○ દિલમાં ધ્યેય પરત્વેની ધગધગતી ધગશ, તમન્ના ને તાલાવેલી!

○ એકમાત્ર જીવતીજાગતી શ્રદ્ધાનો સથવારો!

○ સાથમાં, પ્રભુ કે સદ્ગુરુના શરણભાવનું ભાથું!

—આટલી સજ્જતા સહિત, કોઈ શ્રેયાર્થી સાધક જ્યારે પોતાની અંતરયાત્રાના ધ્યેય-હેતુ તરફ આગળ ને આગળ ડગ ભરતો જાય-મજલ કાપતો જાય, ત્યારે તે ગાળામાં, સાધનાની ભૂમિકા (અવસ્થાક્રમ) પ્રમાણે એને, અખૂટ શક્તિ-સામર્થ્ય ધરાવતી આત્મચેતના (આત્મસ્વરૂપ પરમાત્મા)ની દિવ્યતાના કે ચમત્કારના 'અનુભવ' થયા વગર રહે નહિ-જેને આપણે સાચા યથાર્થ અનુભવ કહીએ તેવા!

ચેતનાની એ ક્ષણોમાં સાધકનાં મન-હૃદય મંગલ મુગ્ધ પ્રસન્નતાથી મ્હોરી ઊઠે છે! ભક્તિભાવની ભીનાશથી હૈયુ



ગદ્ગદ થઈ જાય છે! જે તપ થયું, જે વેઠ્યું-કર્યું એ બધું પ્રભુકૃપાએ લેખે લાગ્યાની ધન્યતા અનુભવે છે!

થતી જતી સાધનાના જોગ-સંજોગ પ્રમાણે અને વ્યક્તિગત રીતે, ક્યારેક ક્યારેક પ્રસંગોપાત્ત પ્રગટતા એવા ચેતનાત્મક અનુભવો એક-એકથી નિરનિરાળા રહ્યા કરવાના.

એ દરેક 'દર્શન' પાછળ પરમશક્તિનો-ભગવદ્સત્તાનો જે-તે કાળની જરૂરત અને યોગ્યતા પ્રમાણે પ્રકાશ, પ્રેરણા, પ્રોત્સાહન, પ્રતીતિ, ઓથ, હૂંફ, સહાય-મદદ કે રક્ષણ આપવાનો હેતુ રહેલો હોય. ક્યારેક પૂર્વનું કોઈ બળવાન 'નિમિત્ત' પણ હોય.

ચેતનના આવા જાતઅનુભવને, થતા જતા આધ્યાત્મિક વિકાસની ગતિ-પ્રગતિનું એક સહજ અને સ્વાભાવિક લક્ષણ કહી શકાય. પ્રત્યક્ષ સચ્ચાઈનો એ ખરો આધાર ગણાય. જાતે અનુભવેલું જ્ઞાન 'પોતાનું' બને છે-અને તે જીવનને વધારે સ્પર્શે છે અને પલટે છે. બુદ્ધિને સ્થિર બનાવે છે. એમાં પછી કશી સગવડ કે પાછા પડવાનો સવાલ જ રહેતો નથી. બલ્કે, એમાંથી સાધકને મક્કમ પગલે આગળ વધવાનું બળ મળે છે. સાધનામાર્ગમાં જાતઅનુભવને 'ગુરુ' કહ્યો છે તે આ કારણે.

□ □ □

હવે, ચેતનના અનુભવોની વિવિધતા વિશે થોડોક આછોપાતળો ખ્યાલ મેળવીએ.

આપણી અંદર અને ઊર્ધ્વમાં વ્યાપી રહેલી વિરાટ ચૈતન્યશક્તિ, વ્યક્ત અને અવ્યક્ત એમ બંને રૂપે કાર્ય કરે છે. વળી, એ સર્વવ્યાપક શક્તિ ગતિશીલ છે. એનો વિકાસક્રમ છે.

એની સૂક્ષ્મતાની એક–એકથી ઉચ્ચ એવી કક્ષાઓ છે. જેટલી સૂક્ષ્મતા એટલું વધારે સામર્થ્ય! એ સામર્થ્ય પાછું પાર વગરનું! જાણે એની કોઈ સીમા નથી!

આ હિસાબે, એના પ્રગટીકરણના કે એની 'લીલા'ના જે કંઈ અનુભવ થાય તે પણ વિવિધ પ્રકારના, વિલક્ષણ અને કલ્પનાતીત હોય!

શરીરની ભીતરનો હોય અને બહારનો પણ હોય! અને, માત્ર પ્રકાશથી જળહળતો અને માંગલિક હોય એવું નથી—દુ:ખદ અને પીડાકારી પણ હોય! અરે, 'આત્મનિરીક્ષણ' વડે શોધકવૃત્તિથી, મનની અંદરનીં ઊંડી ગાઢ અંધારભરી ગહેરાઈમાં જવાતાં—એમાંથી પ્રગટતી આન્તરક્રિયાઓનો અનુભવ તો ગભરાવી દે એવો ભયભીત પણ હોય!

લગભગ એમ કહી શકાય કે ચેતનાત્મક અનુભવના એ દરેક પ્રકારની પાછળ, વ્યક્તિગત રીતે અને અંગતપણે ભગવદ્સત્તાનો અલગ અલગ એવો કોઈ વિશિષ્ટ હેતુ રહેલો હોય. કાર્ય–કારણ–સંબંધની સમગ્રતા, અખંડતા અને સળંગતાની રીતે, એ દરેક અનુભવને પોતાનું અનોખું દૈવત હોય, પોતાની ઉપયોગિતા હોય અને પોતાનું ખાસ્સું એવું પરિણામ હોય! એ જે કંઈ હોય તે–ભલે ગૂઢ ગહન હોય, પણ આધ્યાત્મિક નિયમસરનું અને શ્રેયકારક હોય એટલું તો ચોક્કસ!

□ □ □

ઘણે ભાગે સાધનાની શરૂઆતના ગાળામાં, ક્યારેક એવું પણ બને છે કે, કોઈ ચેતનાત્મક અનુભવનું સાંકેતિક (Symbolic) કે પ્રતીકાત્મક સ્વરૂપ, ઝટ સમજી ન શકાય એવું



દુર્ગમ હોય—જટિલ કોયડા જેવું! ત્યારે, આવી વેળાએ સાધકના અંતર–આધારમાં, ઈશ્વરનિષ્ઠામાંથી પ્રગટેલી સ્વીકારાત્મક (Receptive) અને ગ્રહણ–ધારણની ભૂમિકા બંધાયેલી ન હોય, તો એ અનુભવના આન્તરિક 'ભાવ–ચેતન'ને ઝીલવાનું અને એનો લાભ લેવાનું એનાથી બની શકતું નથી! અંદરની કચાશને લીધે અનુભવની એ ઊર્જા જાણે એક તેજલિસોટાની માફક એના માથા પર થઈને પસાર થઈ જાય!

અહીં, સાધનામાર્ગની એક સત્ય હકીકત (Fact) જાણવા જેવી છે કે સાધકના અંતર–આધારમાં જે સહજપણે ઝીલાય અને સ્વીકારાય એજ ઊગે અને ખીલે અને પાંગરે! 'વૃક્ષ ચલે નિજ લીલા!'—વૃક્ષની વિકાસ–લીલા પ્રમાણે!

અને, એક બીજી હકીકત આ છે :

ઈશ્વરને આપણે ગમે તે સ્વરૂપે માનીએ તોપણ છેવટે જોતાં, એ અનુભૂતિનો વિષય છે. કોઈ તીર્થભૂમિના મોટા મહિમાવંત મંદિરના ઝળહળતા કળશ સમો—એવો સર્વોચ્ચ 'અનુભવ' સાધનાજીવનમાં ક્યારે થાય, કેવા રૂપ–સ્વરૂપમાં થાય એ વિશે કોઈ કશું કહી શકે નહિ. કોઈ અગાઉથી જાણી શકે નહિ. ભગવાનની ભારે મોટી કૃપા વડે કોઈ મહાતપસ્વી સાધક જાણે તો જાણે!

આમ હોવા છતાં, અભીપ્સિત અનુભવ કાજેની યોગ્ય ભૂમિકા પ્રગટાવવામાં નીચેનાં પરિબળો સારી પેઠે ભાગ ભજવી શકે—

૦ શ્રેયાર્થીના જીવનની આન્તર–બાહ્ય શુદ્ધિ અને પવિત્રતા.

○ ઈપ્સિત ધ્યેય–હેતુ સિદ્ધ કરવાની પ્રબળ સંકલ્પશક્તિ અને સમર્પણભાવ.

○ તેની સ્વીકારાત્મક અને ગ્રહણ–ધારણની આન્તરિક ભૂમિકા.

○ તેણે ઉપયોગમાં લીધેલાં સ્થૂલ કે સૂક્ષ્મ સાધન (આલંબન).

○ અને તે સાધન પરત્વેની તેની એકનિષ્ઠા, જાગરૂકતા, વ્યાકુળતા અને નિરંતરતા.

○ આવાં બધાં સર્જક બળોના સંયોજનથી, અધ્યાત્મવિજ્ઞાનના નિયમો અનુસાર, વધુ ને વધુ શુદ્ધ અને સૂક્ષ્મ થતી જતી, વિસ્તરતી જતી અને વ્યવસ્થિત થતી તેની આત્મચેતનાની સુપ્ત–ગુપ્ત શક્તિઓ (Soul-force) અને તેના ગુણધર્મો.

—એકબીજા પર આધારિત અને એકબીજાનાં પૂરક અને પોષક એવાં આ ભક્તિ, યોગ અને સમ્યક્ જ્ઞાન–બુદ્ધિનાં સાધનો વડે, સાચી દિશામાં ખેડાતા પુરુષાર્થને પ્રતાપે, ધ્યેય–હેતુ ફળે એવી ભૂમિકા રચાય છે.

ત્યાર પછીનું કામ પડદા પાછળ રહેલો ભગવાન સંભાળી લે છે! સત્યસંકલ્પના દાતા શ્રીહરિ! અંતરની અભીપ્સા પ્રમાણે જે ઉત્કટપણે ઝંખે છે–અને મથે છે એના મંગલ મનોરથ પૂરવા માટે તો ભગવાન પણ નિત્ય નિરંતર આતુર–ઉત્સુક હોય છે! એ તો કહે છે ને—

અર્જુના આમ્હાં ભક્તાંચે વ્યસન!
ભક્ત આમુચે નિજ ધ્યાન!



'અર્જુન, મને તો ભક્તોનું વ્યસન છે! ભક્તોનું હું ધ્યાન ધરું છું!' શ્રેયસાધક માટે આનાથી વિશેષ વરદ–દાન બીજું કયું હોઈ શકે?

□ □ □

મનની શાન્ત નીરવ અવસ્થામાં, કોઈ ધન્ય ક્ષણે ભગવદ્કૃપાથી, ગુરુકૃપાથી કે આત્મપુરુષાર્થથી થતો ચેતનનો અનુભવ—એ થતી જતી સાધનાનું 'ફળ' નહિ, પણ પ્રભુની પૂજા અર્થેનું એક પવિત્ર 'ફૂલ' છે એ હકીકત ધ્યાનમાં રાખીએ. અને, શ્રદ્ધા–ભક્તિ વધારે દૃઢ કરી 'અભ્યાસ'માં ઉમળકાભેર આગળ વધવાનો સંકેત મળ્યો છે એમ સમજીએ.

ચિત્તમાં, પ્રભુમય જીવનના ઊંડા સંસ્કાર પડે એ દૃષ્ટિએ જ 'અનુભવ'નું મહત્ત્વ! એ સંચિત સંસ્કાર રહેતે રહેતે દૃઢમૂળ થાય–અને યથાકાળે ઉદયમાન થઈને જીવનને કેટલું ઉન્નત બનાવે છે–ઊંચે તારવે છે એ એનું માપ–લક્ષણ!

આ દૃષ્ટિએ જોતાં, અનુભવના એ ઉજાસને–એના ચેતનભાવને આસ્થાપૂર્વક અંતરમાં ઊંડો ઠરવા દઈએ. એમાં સમાયેલા અર્થ–બોધના સૂક્ષ્મ સંકેતને તારવવાનો અને સમજવાનો પ્રયત્ન કરીએ. એમાંથી પ્રેરણા–પ્રોત્સાહન પામી એને પ્રભુમય જીવનનું 'પગથિયું' બનાવીએ. એને આપણા રોજિંદા જીવનમાં જીવીએ!

—એટલે કે એ 'અનુભવ'ની યોગ્ય સમજણમાંથી ભગવાન પરત્વેની વિશેષ અભિમુખતા કેળવાય, આપણા દૈનિક જીવનના વર્તન–વહેવારમાં એ મંગલમય ભગવદ્‌ભાવ સૌથી મોખરે રખાય, આપણી નિમ્ન પ્રકારની પ્રકૃતિનું ઈષ્ટમાં રૂપાન્તર થાય, રાગ–દ્વેષ ઇત્યાદિના અનર્થ અને અહંભાવના

ઉધામા નરમ પડે—અને ધીરે ધીરે ઘટતા જાય—તો જ એ 'અનુભવ' પાછળનો કલ્યાણકારી હેતુ ફળે! નહિ તો પછી રામ તારું નામ! હાથમાં આવેલો ચિંતામણિ ચાલ્યો જાય! હરિઃ ૐ.

('કુમારગૃહ' આનંદપુરા, વડોદરા—૧.)

જીભના દરવાજાને બંધ કરવાના મૌન કરતાં મનના દરવાજા બંધ કરવાનું મૌન ચઢિયાતું છે.

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૨



# પ્રાગટ્યદિનની ઉજવણી

**શિબિરાર્થી**

અમદાવાદના આંગણે તા. ૧૩, ૧૪ અને ૧૫ ઓગસ્ટે અઢી દિવસની સરસ ધ્યાન—સાધના શિબિર થઈ. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી. કાર્યક્રમ મુજબ તો માત્ર બેચાર કલાક જ શિબિરમાં ઉપસ્થિત રહેવાનાં હતાં, પરંતુ જ્યારે ચારસોથી વધારે સાધક ભાઈબહેનો દૂર સુદૂરથી આવ્યાં હોય ત્યારે આ બાળકોથી પૂ. મા ગમે તેટલું શરીર અસ્વસ્થ હોય તો પણ શી રીતે દૂર રહી શકે? પૂ. માનો સ્વભાવ જ એવો. પછી ભલેને ૧૯૮૨ દિવસના એકધારા ઉપવાસોના પરિણામે કાયા કાંઠલો થઈ ગઈ હોય!

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની અડસઠમી જન્મ જયંતિ તા. ૧૫ મી ઓગસ્ટે એમના સ્વરૂપનું પૂજન એમના પૂર્વાશ્રમના બનેવી શ્રી અંબાલાલભાઈ શુક્લએ—સર્વ સાધક ભાઈબહેનોના પ્રતિનિધિ તરીકે કર્યું. આયોજકોએ આ અંગે પોતાની ખુશી પ્રદર્શિત કરી.

પૂજન કરાવ્યું ગુજરાતના ખ્યાતનામ અગ્નિહોત્રી શ્રી કપિલદેવ શર્માએ. પૂજ્ય શ્રીના પ્રાકટ્યદિન અંગે બોલતાં પૂ. માએ કહ્યું, મહાપુરુષોનો જન્મ એ પ્રાકટ્યદિન લેખાય, બાકી સર્વ સાધારણ લોકોનો જન્મ, એ જન્મ જ ગણાય. આપણા જન્મદિનને પ્રભુપંથે પ્રગતિ સાધી આપણે પણ પ્રાકટ્યદિનમાં પલટાવી શકીએ.

પૂજ્ય માતાજી જ્યોતિર્મયીના વિરલ ત્યાગને અંજલિ આપતાં તેઓએ કહ્યું કે તેઓએ પોતાના એકના એક પુત્રને સમાજને અર્પણ કરી દીધો તો આપણે મહાત્મા યોગેશ્વરજી જેવા મહાપુરુષને પામી શક્યાં. એમનો એ ત્યાગ ખરેખર નાનોસૂનો નથી.

વિશેષમાં તેઓએ કહ્યું, "અમારે માટે તો તેઓ સંત સ્વરૂપે પ્રકટેલ ભગવંત જ છે. અમારી એ પ્રાર્થના છે કે અમે આપના શરણે આવ્યાં છીએ. અમને દર્શન દેજો. અમારા પ્રયત્નો તો પાંગળા છે, પરંતુ આપ સહાય કરજો."

વળી ઉમેર્યું કે પૂ. શ્રી તો એક વિરલ મહાપુરુષ હતા. તેમણે આજના યુગના માનવોને પ્રેરણા પાવા પોતાના જીવન અને આચરણ દ્વારા અદ્ભુત સંદેશો પૂરો પાડ્યો છે. તેઓ વિપુલ અક્ષરદેહ પણ મૂકી ગયા છે. આપણે તેમાંથી આજે પણ પ્રેરણા મેળવી આપણાં જીવન ઉદાત્ત બનાવી શકીએ એમ છીએ.

અંતમાં પૂ. શ્રીને અર્ઘ્ય ધરતાં પૂ. માએ એક સરસ સ્વરચિત ગીત રજુ કર્યું. એના શબ્દો હતાઃ—

યોગેશ્વર દીઠા મેં, વિધવિધ રૂપમાં.
શ્રી યોગેશ્વર પ્રભુની છાયા, છોડાવે સઘળી માયા,
પલટાવી દે જીવન કાયા, પીવડાવે અમૃતની ધારા.
પત્થરને પૂજનીય બનાવે, જડત્વમાં ચેતન ભરે,
અજ્ઞાનીને જ્ઞાન ધરીદે, અવતારી બની વિચરે એ.
યોગેશ્વર દીઠા મેં, વિધવિધ રૂપમાં.....

અને છેલ્લે



મહામંત્ર ૐ માનવ જપી લે, પરમ શક્તિરૂપ ધારે એ,
પૃથ્વી પર પ્રકટ્યા પરમેશ્વર, ભક્તોના ભગવંત હે,
શ્રી યોગેશ્વર ચરણરજને, સર્વેશ્વરી અહીં પામે રે,
ગુરુચરણમાં જીવન ઝૂકાવી, એ ધન્ય બનીને મહાલે રે.
યોગેશ્વર દીઠા મેં, વિધવિધ રૂપમાં.....

આ પ્રસંગે પૂ. શ્રીના જીવનના વિવિધ પાસાઓ ઉપર બોલનાર અન્ય વક્તાઓ હતા—શ્રી વિજયસિંહ રાણા, શ્રી હરિભાઇ ભોજાણી, શ્રી નારાયણભાઇ જાની અને નાનો જીજ્ઞેશ. તેણે કહ્યું, "મારા ગુરુને હું પ્રભુ માનું છું. મા—પ્રભુ મારા ભગવાન જ છે. એમનાં કામો માટે મારું જીવન વપરાય એવી પ્રભુ મને શક્તિ આપે." નાના દસ વર્ષના એ બાળકની કેવી સરસ શ્રદ્ધા ને કેવો અદ્ભુત ભાવ!

શ્રી બાબુભાઇ વોરાએ આ આયોજનમાં સાથ સહકાર આપનાર સર્વે ભાઇબહેનોનો આભાર માન્યો હતો. સર્વે સાધકો વતી શ્રી ભોજાણીભાઈએ શિબિરની સરસ વ્યવસ્થા કરવા બદલ આયોજકોને અભિનંદન આપ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી કુમુદચંદ્ર ત્રિવેદીએ સરસ રીતે કર્યું હતું. આજનું ભોજન પણ તેઓ તરફથી હતું.

આ પ્રસંગે પૂ. માના ઉદ્‌બોધન પછી પૂ. શ્રી યોગેશ્વરજીના સ્વરૂપને ઉપસ્થિત સાધકોએ પુષ્પાંજલિ ધરી હતી ને પૂ. માના શ્રી ચરણોમાં વંદન કર્યાં હતા.

□ □ □

# સેવામૂર્તિનું સન્માન

**નારાયણ હ. જાની**

શ્રી બાબુભાઇ વોરા, એ પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી ને પૂ. માના અનન્ય ભક્ત તેમજ પૂજ્યશ્રીની સર્વે પ્રવૃત્તિઓના પ્રાણસ્વરૂપ શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી છે. તેઓને ૭૫ વર્ષ પૂરાં થતાં હોવાથી પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તેઓને શાલ ઓઢાડી તેઓનું બહુમાન શિબિરાર્થીઓની હાજરીમાં તા. ૧૪ ઓગસ્ટે, અણધારી રીતે કર્યું.

આ પ્રસંગે શ્રી કુમુદચંદ્ર ત્રિવેદીએ કહ્યું કે શ્રી બાબુભાઇ એક યુવાનને પણ શરમાવે એવી સ્ફુર્તિથી આ ઉમ્મરે પણ કામ કરે છે. હું ૧૯૮૧ થી એમના પરિચયમાં આવ્યો ત્યારથી જોઉં છું કે તેઓને કોઇ ટેવ કે વ્યસન નથી. નિવૃત્ત સરકારી અધિકારી છતાં ખૂબ જ નમ્ર અને સરળ છે. ઇચ્છીએ કે તેઓ સો વર્ષ સારી તંદુરસ્તી સાથે પૂરાં કરે.

મોરબીના શ્રી હરિભાઇ ભોજાણીએ જણાવ્યું કે શ્રી બાબુભાઇમાં કોઇ મોટાઇ જોવા ન મળે. એમની સાથે પ્રવાસ કરો તો એમની વિનોદવૃત્તિથી કદી પ્રવાસનો થાક ના લાગે.

આ પ્રસંગે પાલનપુરના શ્રી વિજયભાઇ પુરોહિતે બોલતાં કહ્યું કે યુવાનો શ્રી બાબુભાઇના જીવનમાંથી ઘણી પ્રેરણા લઇ શકે તેમ છે. એમનામાં કદી આળસ જોવા મળતી નથી તેઓ પોતાના કામમાં ખૂબ ચોક્કસ છે.



જ્યારે શ્રી રંજનબેન ઠાકરે કહ્યું કે ૧૯૭૮ માં મને તેમનો પહેલો પરિચય થયો. તેઓની પ્રામાણિકતા તેમજ કામ પ્રત્યેની નિષ્ઠા જોઇ, સરકારે નિવૃત્તિ પછી પણ કેટલીક બેંકોનું ઓડિટ તેમને સોંપ્યું. તેઓમાં સહુને સાથે રાખી કામ કરવાની સરસ આવડત છે. વળી ગમે તેવું કામ કરતાં તેમને નાનમ લાગતી નથી.

શ્રી નારાયણભાઇ જાનીએ શ્રી બાબુભાઇ અંગેના વક્તવ્યમાં કહ્યું કે પ. પૂ. યોગેશ્વરજીએ પોતાના ભવિષ્યના કામ માટે તેઓની જે પસંદગી કરી તે કેટલી બધી સાચી પૂરવાર થઇ છે. અંબાજીના વિશ્રામગૃહનું બાંધકામ ને સંચાલન તેમજ સર્વમંગલ ટ્રસ્ટનો કુશળતાપૂર્વકનો વહીવટ શ્રી બાબુભાઇની કાર્યદક્ષતાના નમૂનારૂપ છે. તેઓમાં અદ્દ્ભુત વિનોદવૃત્તિ છે, તે જેઓ તેમના અંગત પરિચયમાં આવે તે માણી શકે. આ ઉંમરે પણ તેઓ કોઇપણ ઉમ્મરની વ્યક્તિઓ સાથે સહજતાથી ભળી જઇ શકે છે; એ કેવું અદ્દ્ભુત કહેવાય? પ્રભુ એમને લાંબુ સ્વાસ્થ્યપૂર્ણ આયુષ્ય આપે. એજ પ્રભુને પ્રાર્થના.

બારડોલીના હરેન્દ્રભાઇ પાઠકે પણ તેઓની શુભેચ્છા વ્યક્ત કરી.

પૂ. મા:—શ્રી બાબુભાઇ તેમનાં ધર્મપત્ની અને પરિવારની અદ્દ્ભુત સેવાવૃત્તિનો પરિચય પૂ. શ્રીની ૧૯૭૯ ની માંદગી પ્રસંગે મળ્યો. મહિનાઓ સુધી પૂ. શ્રી માટેની ટીફીન અને દાક્તરી સારવારની જવાબદારી તેઓએ પ્રેમપૂર્વક ઉઠાવી. એટલે જ અમે એમને "સેવામૂર્તિ કહ્યા. પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી એમની કાર્યકુશળતા, નિ:સ્વાર્થવૃત્તિ અને અમારામાં શ્રદ્ધા—વિશ્વાસનો નિકટથી પરિચય થયો. એટલે જ ૪૬ વર્ષની આ મા, એમનાં આયુષ્યનાં ૭૫ વર્ષની ઉજવણી

કરવા પ્રવૃત્ત થઇ છે.

શ્રી બાબુભાઇની માંદગીમાં ને અકસ્માતોમાં પણ પૂ. ગુરુદેવે જ એમની અદ્દ્ભુત રક્ષા કરી છે. તેઓ જ તેમને તંદુરસ્તી ને કાર્યશક્તિ પૂરાં પાડે છે, એમ કહેવું જોઇએ.

તેઓને રક્ષા બાંધતાં પૂ. માએ આશીષ આપતાં કહ્યું આજ રીતે પ્રભુનું કામ કરતા રહેજો.

શ્રી બાબુભાઇને સર્વ ઉપસ્થિત સાધકોએ પણ પુષ્પો અર્પણ કરી, પોતાની સદ્દ્ભાવના પ્રદર્શિત કરી હતી.

પોતાના કરાયેલા સન્માન બદલ સહુનો આભાર માનતાં શ્રી બાબુભાઇએ જણાવ્યું હતું કે પૂ. શ્રીએ મારામાં મૂકેલ વિશ્વાસ મુજબ હું મારી ફરજ બજાવી રહ્યો છું. પૂ. મા ને ગુરુદેવની કૃપાથી જ હું ભયંકર માંદગીમાંથી ઉગરી શક્યો છું. પૂ. માને ખરેખર હું મારાં માજ સમજુ છું. એમની અમારા પરિવાર પ્રત્યેની લાગણી ઉલ્લેખનીય છે. પૂ. માને સાચા સ્વરૂપમાં ઓળખવાનું જોકે શક્ય નથી, છતાં મને લાગે છે કે પૂ. ગુરુદેવશ્રી જ પૂ. માના સ્વરૂપમાં આજે કામ કરી રહ્યા છે. પૂ. ગુરુદેવનું કામ હું સારી રીતે કરી શકુ એવી શક્તિ પ્રભુ મને આપતા રહે એજ પ્રાર્થના.

અન્તમાં પૂ. માએ શ્રી બાબુભાઇને વંદન કરી આશીર્વાદ માંગતાં તેઓ ભાવવિભોર ને ગદ્દગદ્દ બની ગયા હતા.

શ્રી બાબુભાઇ અને એમનાં ધર્મપત્ની શ્રી મધુબેનને પૂ. માની આજ્ઞાથી પુષ્પગુચ્છો અર્પણ કરી શુભકામનાઓ કરવામાં આવી હતી.

તે પછી પૂ. માએ સાધકોની અનુમતિથી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ હાથ ધર્યો હતો. □



# કેવી સાદગી !

**કમલ સુથાર**

**(પ્રેરક–પ્રસંગ–કથા)**

મહાત્મા લિયો ટોલસ્ટ્રોય વિશ્વપ્રસિદ્ધ સાહિત્યકાર હતા. રશિયામાં રહેતા હતા. પરોપકારી ને માનવતાવાદી હતા. તે એક મોટી જાગીરના માલિક પણ હતા. છતાંય ખૂબ વિનમ્ર હતા. જીવન એમનું ખૂબ સાદું હતું.

તેમને ત્યાં એક ગરીબ બાઇ નોકરી કરતી હતી. તેને એક પુત્ર હતો. તે દૂરની એક છાત્ર–શાળામાં રહીને ભણતો હતો. તે છાત્ર–શાળાનો એવો નિયમ હતો કે વેકેશન પડે એટલે વાલીઓ આવીને પોતપોતાનાં બાળકોને ઘરે લઇ જાય.

છાત્ર–શાળામાં વેકેશન પડયું. ટોલસ્ટ્રોયના ત્યાં નોકરી કરતી બાઇ આ અરસામાં ખૂબ મૂંઝવણમાં હતી. તેના પરિવારમાંથી બીજું કોઇ જઇ શકે તેમ ન હતું. એટલે દયાળુ ટોલસ્ટ્રોય તેના દીકરાને લેવા જવા તૈયાર થયા. બાઇ રાજી થઇ. ટોલસ્ટ્રોયે છાત્ર–શાળાના આચાર્યશ્રીને આ બાબતનો ટેલિગ્રામ પણ કરી દીધો. અને બીજા જ દિવસે તે ત્યાં જવા ઉપડયા.

આચાર્યશ્રીને સાહિત્યકાર ટોલસ્ટોયનો તાર મળ્યો. તેતો ખૂબ ખુશ થયા. કેમકે આવા મહાપુરુષ તેમની શાળામાં આવવાના હતા તે તેમનું સદ્દ્ભાગ્ય હતું. આ મહાપુરુષના સત્કાર માટે તેમણે તૈયારી શરૂ કરી દીધી. છાત્ર–શાળાને ખૂબ સારી

રીતે શણગારી દીધી. મહાત્મા ટોલસ્ટોયનું ખૂબ દબદબાપૂર્વક સ્વાગત કરવાની બધી જ તૈયારી તેમણે કરી દીધી.

બીજા દિવસે એક ગામડિયા જેવો લાગતો માણસ તેમની છાત્ર–શાળામાં પ્રવેશ્યો. તેને જોતાં જ આચાર્યશ્રીનો પિત્તો ઉછળ્યો, ને બબડ્યા :

"ક્યાંથી ચાલ્યા આવે છે આવાને આવા ગામડિયા. જાઓ બાજુના રૂમમાં જઈ હમણાં બેસો. અત્યારે અમારી શાળામાં મહાનપુરુષ, મહાન સાહિત્યકાર લિયો ટોલસ્ટ્રોય પધારવાના છે. તમારે કંઈ કામ હોય તો પછી મળજો."

પેલા ગામડિયા જેવા લાગતા માણસ તો આચાર્યશ્રીની ક્રોધી મુખમુદ્રા જોતા–જોતા જરાય ખિન્ન થયા વગર શાન્ત ચિત્તે બાજુના રૂમ તરફ જવા લાગ્યા. ત્યાંતો અચાનક સીડી ઉપરથી ઉતરતો એક છોકરો તેમને જોઈ ગયો. ને દોડતો તેમની પાસે જઈ આદર અને માનસહિત બોલ્યો :

"હેલો! લિયો ટોલસ્ટ્રોય સાહેબ!"

આ જોઈને પેલા ક્રોધી મુખમુદ્રાવાળા આચાર્ય તો સ્તબ્ધ જ બની ગયા! કેમકે ક્ષણવાર પહેલાં જેને ગામડિયો માની તેમણે જેની સાથે કટુ વ્યવહાર કર્યો હતો તેજ હતા મહાપુરુષ–મહાત્મા ટોલસ્ટ્રોય. વિશ્વવિખ્યાત મહાન સાહિત્યકાર! જેમના સ્વાગત માટે તેમણે આટલી બધી તૈયારી કરી રાખી હતી! કેવી સાદાઈ એક મહાન સાહિત્યકારની! આચાર્યશ્રીને ક્ષોભ થયો; પશ્ચાતાપ થયો ને ટોલસ્ટ્રોયની તેમણે ક્ષમા માગી.

---

૭ શિવનગર સોસાયટી, સોસાયટીનગર વિસ્તાર, મુ. પો. હિંમતનગર–૩૮૩૦૦૧ જિલ્લો–સાબરકાંઠા.



# નવરાત્રિમાં અંબાજીમાં મંત્રજપનું અનુષ્ઠાન

કળીયુગમાં ભગવાનના નામજપનો મહિમા ઘણો મોટો છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે 'જપાત્ સિદ્ધિઃ કલૌ યુગે' એ દૃષ્ટિને પ. પૂ. ગુરુદેવ તથા પૂ. મા શ્રી સર્વેશ્વરીના યુવાન સાધકોએ શ્રી અજય કલોલાની આગેવાની નીચે આ નવરાત્રિ દરમ્યાન નામજપ કે મંત્રજપના અનુષ્ઠાન યજ્ઞનો કાર્યક્રમ અંબાજી ખાતે રાખ્યો છે. આ વર્ષે તા. ૩૦–૯–૮૯ થી તા. ૮–૧૦–૮૯ ના દિવસો નવરાત્રિના છે. તે માટે દૈનિક કાર્યક્રમ નીચે પ્રમાણે વિચારાયો છે:–

સવારે ૫–૦૦ વાગે ઉઠવાનું. એક કલાકમાં સ્નાનવિધિથી પરવારી દૂધ પ્રસાદ લઈ સવારે ૬ થી ૮ સામૂહિક મંત્ર કે નામજપમાં બેસી જવાનું. તે પછી અર્ધોકલાક આસનો, હળવી કસરત તથા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ફળપ્રસાદ લેવાનો. ત્યારબાદ ૯ થી ૧૧ ફરી પાછા સમૂહ જપ. ૧૧ થી ૧૧–૩૦ તેમજ ૩–૧૫ થી ૩–૪૫ પૂ. શ્રીનો ઉપદેશ ગ્રહણ (ટેપ પ્રવચન દ્વારા.) તે પછી કુટિયા દર્શન. પ્રદક્ષિણા પછી વીસ મિનિટનું સમૂહધ્યાન. ત્યારબાદ પૂ. શ્રીએ નવરાત્રિવ્રત દરમ્યાન કરેલ પ્રાર્થનાઓનું વાંચન ને પ્રસાદગ્રહણ.

બપોરની બેઠકમાં અઢીથી ત્રણ ચંડીપાઠ, સમૂહધૂન ને સાંજે ચાર થી છ ફરી સમૂહજપ. પછી અર્ધોકલાકનો

શ્રામયજ્ઞ. સાંજે ૬–૩૦ થી ૮–૩૦ માતાજીનાં દર્શન અને પ્રસાદગ્રહણ. સાડા આઠથી એક કલાક ગરબા; પછી રાત્રિ પ્રાર્થના, સ્વરોજનિશિ લેખન રાત્રે દસ વાગે શયન.

આ અનુષ્ઠાન યજ્ઞનો પ્રારંભ ૩૦–૯–૮૯ ના રોજ ને પૂર્ણાહૂતિ ૯–૧૦–૮૯ ના રોજ થશે. તેનું સ્થળ માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ, દાનારોડ, અંબાજી. જિ. બનાસકાંઠા, ઉત્તર ગુજરાત પીન કોડ ૩૮૫૧૧૦ રહેશે.

આ અનુષ્ઠાન યજ્ઞમાં ભાગ લેવા ઇચ્છતા સાધક ભાઈબહેનોએ તા. ૨૦–૯–૮૯ સુધીમાં પોતાનાં નામ સરનામાં મેનેજર શ્રી બાબુભાઈ પટેલને ઉપરના સરનામે અંબાજી મોકલી આપવાં.

સાધકે નીચેની વસ્તુઓ સાથે લાવવાની રહેશે. આસન, માળા, નિત્યપાઠનાં પુસ્તકો, ચંડીપાઠ બેટરી ને પ્યાલો.

દરેક સાધકે તા. ૨૯–૯ ના રોજ સાંજ સુધીમાં અંબાજી પહોંચી જાણ કરવાની રહેશે.

આ અનુષ્ઠાન યજ્ઞમાં સાધકે સ્વખર્ચે જોડાવાનું હોવાથી દૈનિક ખર્ચ જેવું કે નિવાસ, દૂધ, ફળ તથા ફરાળ તેમજ અન્ય ખર્ચ પેટે ૧૦ દિવસના રૂપિયા ૧૫૦ (અથવા ભાગે પડતો ખર્ચ) આપવાનો રહેશે.

દસ દિવસથી ઓછા દિવસો માટે આવનાર સાધકોની રહેવાની જમવાની વગેરે વ્યવસ્થા કરવા પ્રયત્ન કરવામાં આવશે. સંજોગોવશાત્ જો તે શક્ય નહિ બને તો સાધકે સઘળી વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

પૂ. મા શ્રી સર્વેશ્વરીને અનુકૂળ હશે તો તેઓ આ દિવસો દરમ્યાન અનુષ્ઠાન યજ્ઞમાં ઉપસ્થિત રહેવા પ્રયત્ન કરશે.



# ભર બજારે અંતરના એકાંતમાં

વિજય પુરોહિત (બાપજી)

૧૯૮૧ ના વર્ષમાં જુલાઈ માસમાં પ. પૂ. શ્રી મા સર્વેશ્વરી અને પ. પૂ. શ્રી ગુરુદેવ પ્રભુ યોગેશ્વરજીના અલ્પ સાન્નિધ્યે આબુ અને અંબાજીમાં અંઓશ્રીની કૃપાથી રહેવા મળ્યું. એમના સાન્નિધ્યે વીતાવેલી દિવ્યક્ષણો અમારા માટે યાદગાર બની ગઈ. ત્યારની કેટલીક વાતો–કેટલાક પ્રસંગો જીવનમાં પથદર્શક, પ્રેરણારૂપ બની રહ્યા છે.

પૂ. ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીની મનઃસ્થિતિનું સવિશેષ કહી શકાય તેવું દર્શન કરાવનારો પ્રસંગ જોઈએ. બહારની દુનિયાથી અસંગ બની ગયેલું મન જગત ભૂલીને ભર બજારમાં અંતરમુખ બનીને આત્માના ઇષ્ટમાં કેવું ડૂબી જાય છે તેનું દર્શન કરાવનારો આ પ્રસંગ છે.

તા. ૨–૭–૧૯૮૧ ની સાંજે પૂ. મા અને શ્રી ગુરુદેવ પ્રભુની સાથે અમે સૌ (પાલનપુરથી આવેલ સત્સંગીઓ) ફરવા ગયા હતા. રસ્તામાં સૌ મા અને પ્રભુની આજુબાજુ અને કેટલાક પાછળ ચાલતા હતા. પૂ. ગુરુદેવ ધીર ગંભીર ચાલે પ્રસન્ન છતાં શાંતિમાં મગ્ન હતા. સૌ સત્સંગીઓને સંતોષ, આનંદ થાય એ રીતે પ્રશ્નોના જવાબો આપતા હતા. ક્યારેક રમૂજી રીતે પણ જવાબ આપી સૌને હસાવતા. પૂ. શ્રીની સૌમ્યતા સૌને સ્પર્શી જતી. અને પ. પૂ. મા એક બાળક સહજ, નિર્દોષતા, પ્રસન્નતા, હાસ્યથી સદાય મંડિત દેખાતાં. મા અને પ્રભુ બન્નેનું

દર્શન મનોરમ્ય, મનોહારી.

રસ્તામાં સતત જીવન સુધારણાની અને સત્સંગની વાતો કૈલાસ ટેકરીના રસ્તે થતી રહી.

શ્રી રેવાશંકરભાઇએ કહ્યું, "હવે તો વૈરાગ્ય અને પવિત્રતા આવી જાય તો બસ છે." પૂ. શ્રીએ વૈરાગ્ય અને પવિત્રતા આવે એ માટેનું સાધન બતાવ્યું. "સતત નામસ્મરણ કરતા રહો તો બધું જ સહજ થશે, નામ જપતા રહો, પ્રાર્થના કરતાં રહો, નિયમિત ધ્યાન કરતા રહો, બધું થશે." એવી અનેક વાતો કરતાં પાછા વળી અંબાજીના બસસ્ટેન્ડ પાસે આવ્યા. પાલનપુરથી આવેલા સત્સંગીઓ પાછા જવાના હતા, તેથી સૌએ ઘૂંટણીએ પડી પૂ. ગુરુદેવ અને પૂ. માને પ્રણામ કર્યાં. પૂ. મા બોલ્યાં. "બજાર વચ્ચે શું પ્રણામ (કરવા)! લોકો જુએ છે. (લોકોનું ધ્યાન આ બાજુ ખેંચાય છે.)" શ્રી રેવાશંકરભાઇ બોલ્યા, "લોકોથી ડરીને ક્યાં સુધી ચાલવાનું?" પૂ. મા હસ્યાં. પાલનપુર જનારા સત્સંગીઓ છૂટા પડ્યા. સૌના મુખપર સંતોષ અને આનંદ હતો.

અમે પૂ. મા અને શ્રી ગુરુદેવ પ્રભુ સાથે શ્રી અંબાજીના મંદિરે જવા રવાના થયાં. બજાર પહોંચતા પ. પૂ. મા ભગવાન શ્રી કૃષ્ણની મૂર્તિ ખરીદવા માટે પૂ. શ્રીની આજ્ઞા લઇ દુકાનો તરફ ગયાં. પૂ. માના ગયા પછી પૂ. શ્રીએ અમને કહ્યું, "તમે મા સાથે જાઓ! અમે તરત જ દોડીને પૂ. મા જે દુકાને ગયાં હતાં ત્યાં પહોંચ્યા. અમને જોતા જ પૂ. મા કહે તમે પ્રભુની સાથે રહો." અમે તરત જ દોડીને પાછા પ્રભુ પાસે આવ્યા. પૂ. શ્રીએ અમને જોતાં જ ધીમે રહીને કહ્યું, "તમે મા સાથે જ રહો!" અને અમે ફરી પાછા પૂ. મા હતાં તે દુકાને ગયા.



પૂ. મા સ્મિત કરી બોલ્યાં, "કેમ?" અમે કાંઇ જ જવાબ ના આપ્યો. પૂ. મા બોલ્યાં "તમે પ્રભુ સાથે રહો," અને અમે ફરી પ્રભુ પાસે આવ્યા. બે ડગલાં પ્રભુની સાથે ચાલતાં પ્રભુનું ધ્યાન અમારા તરફ ગયું અને પ્રભુએ કહ્યું: "તમે મા સાથે રહો. મા ને કંઇ કામ હોય તો. (ઉપયોગી થઇ શકાય)." અમે વિચાર કરતા ચાલ્યા કે પ્રભુ આ શું નાટક કરી રહ્યા છે! પ્રભુ કહે "મા પાસે અને મા કહે પ્રભુ પાસે." વિચાર કરતાં ત્રીજી વખત પૂ. મા પાસે અમે ગયા. માને જોતાં જ અમારાથી મંદહાસ્ય થઇ ગયું. પૂ. મા પણ હસ્યાં અને કહ્યું, "મને કંઇ કામ નથી, જેથી તમે પ્રભુની સાથે જ રહો." અમે મૌન સેવી પાછા ચાલ્યા પ્રભુ પાસે. ચાલતાં ચાલતાં વિચાર આવ્યો કે હવે તો પૂ. શ્રીની પાછળ પાછળ જ ચાલવું અને અમે કર્યું પણ એમજ.

અમે પૂ. શ્રીની પાછળ પૂ. શ્રી ચાલતા હતા તે રીતે ધીરે ધીરે લગભગ ૧૦ મિનિટ જેવું ચાલ્યા હોઇશું. ત્યાંજ પાછળથી ખટારો (વાહન) આવતો હતો. તેણે જોરથી હોર્ન વગાડયું. અમે તો રસ્તાની બાજુ પર આવી ગયા, પરંતુ પૂ. શ્રીતો એજ ધીમી ગતિએ ચાલતા રહ્યા. ખટારો પાસે આવી ગયો. ચાલકે ફરી જોરથી હોર્ન વગાડવાનું ચાલુ રાખ્યું. પણ પૂ. શ્રી તો જાણે બાહ્યજ્ઞાનથી રહિત યંત્રવત્ ધીરે... ધીરે... ચાલતા રહ્યા. ખટારાવાળાની ધીરજ ખૂટી અને તેણે ખટારો આગળ ચલાવવા માંડયો. અમે ઝડપથી ખટારા આગળ આવી ગયા. કારણ ચાલક જો નશામાં હોય તો પૂ. શ્રીને વગાડી ના બેસે અથવા પૂ. શ્રીને જેમ તેમ પણ બોલી ન નાંખે. એ હેતુથી અમે આગળ આવી ગયા હતા. વાહન ચાલે તો પણ પ્રથમ તે અમને જ સ્પર્શ કરે.

અમે સમય સંજોગ જોઇ પૂ. શ્રીને કહ્યું. "પ્રભુ, પાછળ ખટારો આવે છે." પૂ. શ્રીએ તે સાંભળ્યું જ નહીં. પોતાની શાંતિની પ્રગાઢ અવસ્થામાં અત્યંત ધીમી ગતિએ ચાલતા રહ્યા. ખટારાનું હોર્ન તો ચાલુ જ હતું. અમે ફરી મોટેથી કહ્યું. "પ્રભુ, પાછળ વાહન આવે છે." પૂ. શ્રીએ ધીમેથી, ઉંડાણમાંથી જાણે અનિચ્છાએ બાહ્યચેતનામાં આવવું પડ્યું હોય તેમ અમારી સામું જોઇ કહેવા લાગ્યા, "બાજુ...માં..થી ચાલ્યા...જાય." અમે કહ્યું "આપણે થોડાક રસ્તાની વચ્ચે ચાલી રહ્યા છીએને" અને પૂ. શ્રી એજ શાંતિથી કશી ઉતાવળ કર્યા વિના, કે ગભરાહટની ચંચળતા વિના, વાહન તરફ દૃષ્ટિપાત કર્યા વિના જાણે કશું જ બન્યું નથી તેવી રીતે, શાંતિથી ધીરે રહીને રસ્તાની બાજુપર આવ્યા. વાહન ચાલક વાહનને આગળ હંકારતાં પૂ. શ્રી તરફ વિસ્મયકારક દૃષ્ટિ નાંખી ચાલ્યો ગયો. તે તરફ પૂ. શ્રીનું લક્ષ્ય પણ ના ગયું. એજ અંતરાનંદની મસ્તીમાં ચાલતા રહ્યા.

અમને વિચાર આવ્યો કે પૂ. શ્રી આ ભર બજારમાં અંતરની દુનિયામાં એવા કેવા તે ડૂબી ગયા કે પાછળ આવતા (૧૦ ફૂટના અંતરે) વાહનના મોટા હોર્નનો અવાજ સુદ્ધાં સંભળાયો નહીં! એકદમ પાસેથી ઉચ્ચારેલા અમારા શબ્દો પણ સંભળાયા નહીં. તો એ મન ક્યાં પહોંચી ગયું હશે? શું એ પોતાના ઇષ્ટદેવના સાન્નિધ્યે પહોંચી ગયું કે પછી આત્માનો સંસ્પર્શ પામ્યું, અગર કોઇ અલૌકિક દિવ્યાનુભૂતિમાં ડૂબી ગયેલું હતું? આવા પ્રશ્નો પૂછવાની અમને ઇચ્છા થઇ, પણ પૂ. શ્રીની પ્રશાંતિ, પ્રશ્નો પૂછીને ભંગ કરવાની ઇચ્છા ન થઇ. જે હોય તે પણ એટલું તો જરૂર સમજી શકાય કે એ એક અસામાન્ય અલૌકિક અવસ્થા અવશ્ય હતી. નહીં તો સામાન્ય



સાધકની આવા સંજોગોમાં અંતરની આવી અવસ્થા ન હોય, જેમાં જ્ઞાનેન્દ્રિયો બહિર્મુખતામાં નહીંવત્ જ ક્રિયાશીલ હોય, વળી તે અવસ્થામાં ૧૦ મિનિટ જેટલા સમયસુધી વાહનના હોર્નનો કર્કશ અવાજ ને વળી બજારની ધમાલ વચ્ચે ટકી શી રીતે શકે?

પ. પૂ. મા, પૂ. શ્રીની આવી અવસ્થાઓથી વાકેફ હતાં તેથી જ આગ્રહ કરી પૂ. શ્રી સાથે જ રહેવા અમને કહ્યું, કારણ કે માઉન્ટ આબુમાં પૂ. માએ અમને કહેલું કે "આપણા સૌના કલ્યાણ માટે પૂ. શ્રીને નીચેની બાહ્યચેતનાની ભૂમિકાએ કોઇ ને કોઇ રીતે રાખવા માટે કેટલીક વાર પ્રયત્નો કરવા પડે છે. નહીં તો એ મહાપુરુષ તો પોતાનામાં જ (આત્મસ્વરૂપમાં જ) ડૂબેલા રહે." અને એનું કારણ પૂ. શ્રી પૂર્ણતાએ આસીન છે, સંપૂર્ણ આત્મતૃપ્ત છે.

વળી આ પ્રસંગમાં પૂ. શ્રીનો પૂ. મા માટેનો અદ્‌ભુત સન્માનભાવ ને તેઓની કાળજીપૂર્વક સાર સંભાળ થતી રહે, તેની સતત તકેદારી જણાય છે. તો બીજા પક્ષે પૂ. મા પણ પૂ. શ્રીના મહિમાને યથાર્થ રીતે જાણતાં હોઇ, તેઓના મનમાં એક પ્રકારનો અવર્ણનીય ભક્તિભાવ સેવાના રૂપમાં વ્યક્ત થતો જોવામાં આવે છે. પોતાના કારણે પૂ. શ્રીની સંભાળમાં કોઇપણ પ્રકારની ઉણપ ન આવે એની ચિન્તા પૂ. માના વ્યવહારમાં વ્યક્ત થાય છે. બે દિવ્ય આત્માઓની લીલાનું આ પ્રસંગમાં અદ્‌ભુત દર્શન થાય છે.

વળી આ પ્રસંગ દ્વારા પૂ. શ્રીએ અમને સમજાવ્યું કે સાધકે કમસે કમ એવી અવસ્થા તો મેળવવી જ જોઇએ કે એ ધારે ત્યારે ભર બજારમાં, ઘોંઘાટો વચ્ચે પણ પોતાના ઇષ્ટમાં કે આત્મામાં ડૂબી શકે. અંતરના એકાંતમાં ડૂબી જતાં શીખી લેવું

જોઈએ.

આ જીવનમાં ક્યારેક થનારું આવું અમૂલ્ય દિવ્યદર્શન અવિસ્મરણીય બની રહ્યું. સાધનાની સર્વોત્તમ અવસ્થાએ આસીન થવામાં પ. પૂ. મા અને પ્રભુ સદાય આપણ સૌને સહાય કરો એજ પ્રાર્થના.

---

નિલકમલ સોસાયટી પાસે, બેચરપુરા, પાલનપુર–૩૮૫૦૦૨

## સદ્‌ભાવભરી ભેટ (ચાલુ)

રૂપિયા

૧૧૧ શ્રી હિમાંશુ બાબુભાઈ મહેતા, એસ. એસ. સી. માં પાસ થતાં માતાજી કોકિલાબેન તરફથી, કાંદીવલી.

૧૧ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.

૫૧ કુ. નલિની પી. મહેતા, ભાવનગર. ભાઈ પ્રકાશચંદ્રને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે.

૧૦૧ શ્રી હરિચંદ્ર હરજીવનદાસ જાની, મુંબઈ આંખના સફળ ઓપરેશન નિમિત્તે.

૫૧ શ્રી છોટુભાઈ નાથુભાઈ પટેલ, સુરત.

૧૦૧ શ્રી સી. ડી. શાહ, અમદાવાદ. નવા ઘરના પ્રવેશ નિમિત્તે.

૫૧ શ્રી ભૂપેન્દ્ર રમણલાલ ભાવસાર.

૧૦૧ શ્રી અરૂણા ઠાકર, એમ.એ. માં પાસ થતાં.

૩૮ શ્રી જીતેન્દ્ર મિસ્ત્રી, કડીપાણી, ચિ. સમીરના જન્મદિન નિમિત્તે.



૫૧ શ્રી સરસ્વતીબેન અશ્વિનકુમાર ઇજનેર, પૂ. દાદાજીની પુણ્યતિથિ નિમિત્તે.

૧૦૧ શ્રી રંજનબેન, નટવરલાલ ઠાકર, અમદાવાદ, મનોકામના પૂર્ણ થતાં.

૫૧ શ્રી મહેન્દ્ર મહાદેવિયા, વિધિના એડમીશન નિમિત્તે.

૫૧ શ્રી મહેન્દ્ર ટી. વ્યાસ, વડોદરા.

૧૦૧ શ્રી ઇચ્છાબેન નરોત્તમભાઇ દેસાઇ, સુરત.

૫૧ શ્રી ધીરિનકુમાર ઠાકોરભાઈ શાહ, વડોદરા, પ્રથમ વર્ષમાં પાસ થવાથી.

૧૦૧ શ્રી ઈશ્વરભાઇ મગનભાઇ કેડિયા, વડોદરા.

૫૧ શ્રી મહેન્દ્ર પોપટલાલ બોસમીયા, ભાવનગર.

૨૫ શ્રી પ્રવીણચંદ્ર સોરઠિયા, સુરત, ચિ. સંદીપના જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી અનિલ હરગોવિંદભાઈ ભટ્ટ, બોરીવલી, ચિ. વૈભવ અને તન્વીના જન્મદિન નિમિત્તે.

૫૧ શ્રી મીનાક્ષી ભટ્ટ, મુંબઈ, જન્મદિન નિમિત્તે.

૧૫૧ શ્રીમતી દક્ષાબેન હરેન્દ્રભાઈ પાઠક, બારડોલી, ઇચ્છાપૂર્તિ નિમિત્તે.

૩૦ શ્રી ભૂપેન્દ્ર સુરતિયા, ભરૂચ.

૫૧ શ્રી તારાબેન દેસાઈ, અમદાવાદ.

૫૧ શ્રી ભારતીબેન ચંદ્રકાન્ત ટેલર, રાંદેર.

૧૧ શ્રી શાન્તાબેન નગીનદાસ રામી, સુરત.

૧૧ શ્રી સ્નેહલતા બી. દેસાઇ, એરિયર્સ મળતાં.

૫૧ શ્રી જનાર્દનભાઇ દવે, ભાવનગર, ભાઇ રાજુ સારા માર્કે સિવિલ ડીપ્લોમામાં પાસ થતાં.

૧૧ શ્રી મનોરમા રાજેન્દ્ર ભટ્ટ, વડોદરા.

૫૫ શ્રી એસ. જે. કાલરિયા, રાજકોટ.

૨૫૧ શ્રી ડાહ્યાભાઇ એમ. લાડ, કેનેડા.

૧૦૧ શ્રી આર. એમ. પંચાલ, અમદાવાદ.

૧૩૦ ગં. સ્વ. શ્રી મણિબેન ખુશાલભાઇ મિસ્ત્રી, રબ્બી, શ્રી ખુશાલભાઇની પુણ્યતિથિ નિમિત્તે.

૨૫ શ્રી કરૂણાશંકર એમ. ભટ્ટ, મોરબી, દિમીશકુમારના લગ્ન પ્રસંગે.

સદ્ભાવ ભરી નાની કે મોટી ભેટ મોકલનાર સહુના અમે આભારી છીએ. સહુને અભિનંદન.

કેનેડામાં શ્રી અંબુભાઇ લાડ સારા સત્સંગી છે. પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથેનો તેઓનો પરિચય માત્ર એકાદ વર્ષ પહેલાંનો છે. તેઓ દર પંદર દિવસે ભજન ને પ્રાર્થનાનો કાર્યક્રમ યોજે છે; તેમાં સાત આઠ પરિવારો નિયમિત ભાગ લે છે. તેઓએ છેલ્લા આઠેક માસ દરમ્યાન યોજેલ આ કાર્યક્રમોમાં એકત્રિત થયેલી આસરે રૂપિયા ૨,૨૦૦ જેટલી રકમ અધ્યાત્મને ભેટ તરીકે મોકલાવી છે.

શ્રી અંબુભાઇ તેમજ તેમના ભજન કાર્યક્રમોમાં ભાગ લેનાર સહુ ભાવિક ભાઇબહેનોને અભિનંદન.



# રામકથા

શ્રી યોગેશ્વરજી

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'મિથિલાપુરી તથા મહારાજા જનકને તો હું પણ નથી ભૂલી શક્યો.' રામ બોલ્યા : 'એમની સ્મૃતિ મને અવારનવાર થઇ આવે છે, અને અંતરને ઊંડા ભાવમાં ગરકાવ કરે છે.'

વિવિધ વાર્તાલાપનો લાભ લેતાં, માર્ગના સુંદર પર્વતો, સપાટ પ્રદેશો, જળપ્રવાહો, વૃક્ષો ને મનુષ્યોનું દર્શન કરતાં, સાધકો તથા સિદ્ધોના સમાગમનો આનંદ અનુભવતાં અને વચગાળાનાં સુંદર સાનુકૂળ સ્થળોમાં વિશ્રામ કરતાં, રામ લક્ષ્મણ ને સીતા આગળ વધવા માંડયાં.

વનની અપરિચિત અટપટી કેડી પર થઇને સૌ આગળ વધી રહ્યાં હતાં. સૌથી આગળ રામ ચાલતા, એમની પાછળ ધીમી ગતિએ સીતા ચાલતી અને સૌથી પાછળ લક્ષ્મણ ચાલતા.

રામ તથા લક્ષ્મણના હાથમાં ધનુષ્ય હતાં.

લક્ષ્મણે એકાએક કહેવા માંડયું : 'એક વાતની સ્ફૂરણા થાય છે તે કહી બતાવું ?'

'જરૂર.' રામે ઉત્તર આપ્યો.

'પરમાત્માનું દર્શન જીવને કેમ નહિ થતું હોય ?'

'એનો સંતોષકારક અથવા સંપૂર્ણ ઉત્તર કાંઇ મારાથી થોડો જ આપી શકાય તેમ છે ? એવો ઉત્તર આપવા માટેનો મારો અધિકાર પણ કેટલો ? છતાં પણ મહાપુરુષોના શ્રીમુખથી જે સાંભળ્યું છે તે કહી

બતાવું છું કે જીવ માયાનો શિકાર બનેલો હોવાથી પરમાત્માનું દર્શન નથી કરી શકતો. એ માયા બે જાતની છે. વિદ્યારૂપી માયા અને અવિદ્યારૂપી માયા. એ માયા જો કૃપા કરીને હઠી જાય ને જીવ એના પાશમાંથી મુક્તિ મેળવે તો એ શિવસ્વરૂપ પરમાત્માને જોઇ શકે. શાસ્ત્રોએ કહ્યું છે કે પરમ સત્યરૂપી પરમાત્માનું સ્વરૂપ માયાના સોનેરી ઢાંકણથી ઢંકાયેલું છે. માયાના એ સોનેરી ઢાંકણને હઠાવવાનું કામ કરવામાં આવે તો પરમાત્માનું દર્શન થઇ શકે.'

'આપણે આ પગદંડી પરથી પસાર થઇએ છીએ ત્યારે એ શાસ્ત્ર વચનનું સ્મરણ થાય છે.'

'કેવી રીતે ?' સીતાએ જિજ્ઞાસા બતાવી.

'મને વિચાર આવે છે કે એ શાસ્ત્રવચન અત્યારે સાર્થક થઇ રહ્યું છે. રામ જાણે કે પરમાત્મા છે, અને મારું સ્થાન જીવાત્માનું છે. અમારા બંનેની વચ્ચે પરમાત્માની પરમ શક્તિ અથવા માયા જેવાં તમે છો. તમારી કૃપા થાય ને તમે એક બાજુએ ખસી જાવ તો જ રામરૂપી પરમાત્માના દર્શનનો પૂરો આનંદ મળી શકે. બાકી તમે જો અમારી વચ્ચે જ રહો તો એમનું દર્શન દુર્લભ બને.'

સીતા હસી પડી. રામ પણ હસવા માંડયા ને બોલ્યા : 'શાસ્ત્રવચનને તેં ઘણી સારી રીતે ઘટાવ્યું. તે માટે તારી બુદ્ધિને ધન્યવાદ ઘટે છે.'

'મારે કોઇ જાતનો ધન્યવાદ નથી જોઇતો.' લક્ષ્મણ બોલ્યા : 'મારે તો સીતાને એટલી અરજ કરવાની છે કે મારા તમારે માટેના પ્રેમને ને મારી પરિસ્થિતિને પારખીને મને તમારું દર્શન થઇ શકે એટલા માટે એ વચ્ચે વચ્ચે જરા એક બાજુ હઠી જાય. તમારા સુંદર સુખમય સ્વરૂપને પૂરેપૂરું નથી દેખતો તો મને કાંઇનું કાંઇ થઇ જાય છે. મારું મન બેચેન બની જાય છે."

(ક્રમશ:)

## ચિત્તવર્ગ

* જેનું ચિત્ત સ્થિર ન હોય, જે સદ્ધર્મને સારી રીતે જાણતો ન હોય, જે મનની પ્રસન્નતા વિનાનો એટલે કે શ્રદ્ધા રહિત હોય, એવા સાધકની પ્રજ્ઞા પરિપૂર્ણ થતી નથી.

* ચિત્તમાં કામવાસનાઓ ન હોય, ચિત્ત ઉપર આઘાતો લાગેલા ના હોય, પુણ્ય અને પાપ બન્ને છૂટી ગયાં હોય, એવા જાગતા સાધકને કશો ભય હોતો નથી.

* કાયા કુંભ જેવી છે. એમ જાણીને અને ચિત્ત નગર જેવું છે એમ સ્થાપિત કરીને અથાત કાયા પડે તો ભલે પડે, પરંતુ નગર જેવું ચિત્ત પડવું ન જોઇએ, એનું બરાબર રક્ષણ કરવું જોઇએ, એમ સમજીને પ્રજ્ઞારૂપી શસ્ત્રો વડે "માર" (માયા ને પ્રલોભનો સામે) ની સાથે યુદ્ધે ચઢવાનું છે અને આસક્તિ વગરના બનીને યુદ્ધમાં મળેલી જીતને મળવી રાખવાની છે.

* આ કાયા ચેતના વિનાની થતાં જ તરત ભૂંસાની પેઠે નકામા લાકડાની જેમ ફેંકાઇ જતાં જમીન ઉપર પડી રહેવાની છે. માટે કાયા કરતાં પણ ચિત્તની શુદ્ધિને સવિશેષ જાળવી રાખવી જોઇએ.

* દ્વેષી પોતાના દ્વેષીનું જેવું ભૂંડુ કરે છે અને વેરી પોતાના વેરીનું જેવું અહિત કરે છે. તે કરતાં પણ વધારે ભૂંડું સાધકે મિથ્યા પ્રવૃત્તિઓમાં લગાડેલું ચિત્ત કરે છે.

* માતા પિતા બીજાં સગાંવહાલાં કે નાતીલાં સાધકનું એવું શ્રેય કરી શકતાં નથી, જેવું શ્રેય સત્પ્રવૃત્તિઓમાં લગાડેલું તેનું ચિત્ત કરી શકે છે.

ધમ્મપદ

## * દ્રઢ નિશ્ચયી માણસ શું ન કરી શકે? *

દ્રઢ નિશ્ચયી માણસ શું ન કરી શકે? મુશ્કેલીઓને વટાવી તે ગંતવ્યસ્થાને પહોંચી શકે. સંસારમાં અત્યાર સુધી જે કઠિન ગણાતું તે એવરેસ્ટ શિખર પર ચઢવાનું કામ પણ નિશ્ચય અને પુરુષાર્થથી સફળ થઇ શક્યું. એ માન એક ભારતીયને પણ મળ્યું. નેપોલિયને આલ્પ્સ ઓળંગ્યો. ઈચ્છાશક્તિના આ બધા ખેલ છે. તેને ગમે તે દિશામાં વાળો. ચાહે તો તે દ્વારા હાથી, સિંહ કે વાઘ જેવાં ભયંકર પ્રાણીને વશ કરીને સરકસમાં નચાવો કે સમુદ્ર કે પર્વતનાં રહસ્ય શોધો. કાં તો એ જ શક્તિથી આત્મ વિકાસના માર્ગમાં મદદ મેળવી ધ્રુવ ને પ્રહ્‌લાદની જેમ ઈશ્વરના આસનને ડોલાવો. બુદ્ધની જેમ બોધિ મેળવો ને શંકરની પેઠે સંસારને સત્યનો સાક્ષાત્કાર કરાવવા નીકળી પડો. આજ મનોબળથી તો ગાંધીજીએ ભારતમાંથી બ્રિટીશ સલ્તનતને દૂર કરી, ને તેમના જ સાચા અનુયાયી વિનોબાજીએ પગે પરિભ્રમણ કરીને ભૂદાનયજ્ઞનો ચમત્કાર સર્જ્યો છે.

દરેક માણસમાં આ શક્તિ છે. ફક્ત તેનો ઉપયોગ કેમ કરવો તે જ તેણે નક્કી કરવાનું છે. માણસ ધારે તો તે શક્તિને કેળવીને મહત્તાના ગમે તેવા ઉચ્ચોચ્ચ એવરેસ્ટ શિખર ઉપર ચઢી શકે છે. છતાં આશ્ચર્યની વાત છે કે માણસો પોતાની નાની નાની વાતોમાંથી જ ઊંચે નથી આવતા!

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર